અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ મે ૨૦૨૫, મંગળવાર ● વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ અમાસ | વર્ષ : ૧૬ ● અંક : ૩૨૪ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ | કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ગુજરાત સરકાર

20 વર્ષ શહેરી વિકાસનાં

## GUJARAT URBAN DEVELOPMENT YEAR, 2025



વર્ષ 2005માં શરૂ થયેલી વણથંભી શહેરી વિકાસ યાત્રા
આજે 2025માં પહોંચી છે,

અને ગુજરાત ઉજવી રહ્યું છે
**20 વર્ષ શહેરી વિકાસનાં**



ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી મનોહર લાલ**
માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી, ભારત

**27 મે, 2025 | સવારે 10:30 વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર**

**20 વર્ષ શહેરી વિકાસનાં**

શહેરી વસ્તીમાં 37% થી 48%ના વધારા સાથે શહેરીકરણને વેગ મળ્યો

કુલ 7 થી 17 મહાનગરપાલિકાના વધારા સાથે શહેરી વિસ્તારોનું વિસ્તરણ થયું

₹661 કરોડનું શહેરી વિકાસનું બજેટ 45 ગણા વધારા સાથે ₹30,325 કરોડ થયું

અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં BRTS અને મેટ્રો રેલ સુવિધાઓથી શહેરી પરિવહનનું આધુનિકીકરણ

સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, ડ્રિમ સિટી અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રકચરથી થયું શહેરોનું નવનિર્માણ

પ્રધાનમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર




**'શહેરી વિકાસ વર્ષ – 2025' ની આ ઉજવણીમાં છે**



શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કુલ ₹30,325 કરોડના બજેટમાંથી ₹3,300 કરોડની પ્રથમ હપ્તાની ગ્રાન્ટનું વિતરણ કરવામાં આવશે. આ પગલું ગુજરાતના 166 શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs)ના નાગરિકોના જીવન પર સકારાત્મક અસર કરશે.



સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-3 અમદાવાદ, વિવિધ શહેરોના 22,000 પરિવારોને પોતાના આવાસ, બાયો ડાયવર્સિટી પાર્ક, સુરત, સિવિલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં 1800 બેડની હોસ્પિટલ, U.N. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટર (ગાંધીનગર) સહિત ₹5536 કરોડના જન સુખાકારીના અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત



વિકસિત ભારત @2047 ના લક્ષ્ય માટે વિકસિત ગુજરાત @2047ને ગતિ આપનારા અનેક નિર્ણયો લેવાશે

જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર

## રૂ.૫૦૦ના દરની ૩૬૧ નકલી ચલણી નોટ સાથે શખ્સ ઝડપાયો

। (એજન્સી) પંચમહાલ, તા.૨૬ ।

રાજ્યમાં નકલીની ભરમાર વચ્ચે નકલી નોટો ઝડપાયાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે પંચમહાલ એસઓજી અને એલસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મોરવા હડફમાંથી ૩૬૧ જેટલી રૂ.૫૦૦ની નકલી ચલણી નોટ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ઝડપાયેલો વ્યક્તિ નકલી નોટ ક્યાંથી અને કેવી રીતે લાવ્યો તેને લઈને મોરવા હડફ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આપેલી માહિતી મુજબ, પંચમહાલના મોરવા હડફના તાજપુરી વંદેલી ગામ તરફ જતાં આંતરિક માર્ગ ઉપરથી ભારતીય બનાવટની રૂપિયા ૫૦૦ના દરની ૩૬૧ નકલી ચલણી નોટો સાથે વિરણીયા ગામના રઘુવિરસિંહ અભેસિંહ ઘોડ નામના શખ્સને મોરવા હડફ પોલીસે ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કુલ ૧.૮૦ લાખ રૂપિયાની નકલી ચલણી નોટ મળી આવી છે.

## સૌરાષ્ટ્ર કે કચ્છથી મુંબઈ જતાં મુસાફરો માટે ગુડ ન્યૂઝ

। (એજન્સી) કચ્છ, તા.૨૬ ।

હાલ ગુજરાત સહિત દેશભરમાં લોકો ઉનાળા વેકેશનમાં ફરવા જવાનું નક્કી કરે છે. એવામાં પશ્ચિમ રેલવે દ્વારા આગામી ૩૦ જૂન સુધી મુંબઈ સેન્ટ્રલથી રાજકોટ અને ગાંધીધામ વચ્ચે ઉનાળા માટે બે વિશેષ સુપરફાસ્ટ તેજસ ટ્રેન દોડાવવાનું આયોજન કરાયું છે. આ બંને ટ્રેન તેના રૂટ દરમિયાન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ સહિતના સ્ટેશનો પર ઊભી રહીને આગળ વધશે. ઉનાળા દરમિયાન મુસાફરોની સુવિધા અને માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલથી રાજકોટ અને ગાંધીધામ વચ્ચે બે સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરાવામાં આવ્યો છે.

### સંખ્યાબંધ એકાઉન્ટ બ્લોક કરાવાયા

# પાકિસ્તાન માટે જાસૂસી કરતા ગદ્દારોને ઝડપી લેવા પોલીસની ખાસ કવાયત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

પહેલગાંવમાં આતંકી હુમલાનો ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા જવાબ આપી દીધો છે ત્યારે હવે દેશમાંથી ઠેર ઠેર પાકિસ્તાની જાસૂસ ઝડપાઈ રહ્યા છે. યૂટ્યૂબર યુવતીઓ સહિત દેશભરમાંથી ૧૫ જાસૂસ ઝડપી લેવામાં આવ્યા છે. વડાપ્રધાનના ગુજરાત (કચ્છ) આગમન પહેલાં જ કચ્છમાંથી એટીએસની ટીમે એક પાકિસ્તાની જાસૂસને ઝડપી લીધો છે. દયાપર હેલ્થ સેન્ટર પર કામ કરતા સહદેવસિંહ ગોહિલે પાકિસ્તાની એજન્ટ અદિતિ ભારદ્વાજ માટે જાસૂસી કરી હતી. આ ઘટના બાદ ગુજરાતમાંથી પણ પાકિસ્તાન માટે જાસૂસી થઈ રહી હોવાની વાત સ્પષ્ટ થઈ ગઈ છે. માટે તમામ એજન્સીઓ આવા જાસૂસી કરતા તત્ત્વોની તલાશ કરી રહી છે. એટીએસ દ્વારા કચ્છમાંથી બીએફએસના ફોટા અને વીડિયો તથા ભારતીય નેવીના ફોટા-વીડિયો પાકિસ્તાનમાં વોટ્સએપ દ્વારા મોકલી આપનારને ઝડપી લેવામાં આવ્યો છે. જાસૂસ સહદેવસિંહને આ જાસૂસી માટે ૪૦ હજાર રૂપિયા પણ પાકિસ્તાની જાસૂસે મોકલાવ્યા હતા. હવે તેની તલાશ ચાલી રહી છે. થોડા દિવસ પહેલા નડિયાદના જસીમ અંસારીએ પણ ભારત દેશ સામે સાયબર વોર છેડીને એક સગીરની મદદથી દેશની સંખ્યાબંધ સરકારી વેબસાઈટ પર સાયબર એટેક કરીને હેક કરવાનો પ્રયાસ કર્યો હતો. જસીમે દેશ વિરોધી માનસિકતા ધરાવતા લોકોનું એક ઈન્સ્ટાગ્રામ ગ્રૂપ બનાવ્યું હતું. જેમાં તે દેશવિરોધી પ્રવૃત્તિના ફોટા મૂકતો હતો. ઓપરેશન સિંદૂર ટાણે તેણે લખ્યું હતું કે આ ભારતે શરૂ કર્યું છે. તે પૂરું અમે કરીશું. પોલીસે હાલ તેની સાથે ટેલિગ્રામ મારફતે સંકળાયેલા ૧૦૦થી વધુ લોકોની તપાસ પણ શરૂ કરી છે.ભારત પાકિસ્તાનના તણાવ વચ્ચે ચોક્કસ તત્ત્વો દ્વારા દેશ વિરોધી પોસ્ટ- વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવી રહ્યા છે. વાતાવરણ ન બગડે તે માટે આવી પોસ્ટ દૂર કરી પોસ્ટ વાયરલ કરનારને ઝડપી લેવા માટે સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ સતત સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર વોચ રાખે છે. વર્તમાન પરિસ્થિતિમાં આ સેલની ટીમ પણ વધારવામાં આવી છે. દેશ વિરોધી માનસિકતા ધરાવતા તત્ત્વો દ્વારા લોકોની લાગણી દુભાય તેવી પોસ્ટ વાયરલ કરવામાં આવી રહી છે.

### તળાવને ઊંડું કરવા ૧૫૩૧ ચો.મી.નો ખાડો કરી ૯૧૮ ઘન મીટર માટી કઢાઈ

# ચંડોળામાં કાટમાળ હટાવવા સાથે તળાવ ઊંડું કરવાની કામગીરી શરૂ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદના મેગા ડિમોલેશનમાં ચંડોળા તળાવ ફરતે આવેલા ૧૨ હજાર કરતા વધુ નાના- મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા બાદ હવે કોર્પોરેશન દ્વારા કાટમાળ હટાવવાની તથા તળાવને ઊંડું કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. કોર્પોરેશન દ્વારા જેસીબી મશીન તથા ૧૦૦ જેટલા ટ્રકની મદદથી રોજનો ૨ હજાર ટનથી વધુનો કાટમાળ હટાવવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે. ઉપરાંત ૯૦ ટ્રકોમાં તળાવને ખોદીને માટી પણ કાઢવામાં આવી રહી છે. આ માટીનો ગ્યાસપુર વનીકરણ પ્રોજેક્ટ માટે ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવ ફરતે મેગા ડિમોલેશનની કામગીરી હાથ ધરી હતી. જેમાં પ્રથમ તબક્કામાં ૪ હજાર જેટલા નાના- મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા તબક્કામાં વધુ ૮૫૦૦ જેટલા મકાનો તોડી તળાવનો દબાણમુક્ત ભાગ ખુલ્લો કરવામાં આવ્યો છે. આમ, બે તબક્કાની કામગીરીમાં જ ૧૨ હજાર કરતા વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ચંડોળામાં બાંધકામો તોડી પાડવામાં આવ્યા બાદ બીજા દિવસથી જ કાટમાળ ખસેડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. જ્યારે પ્રથમ તબક્કામાં જે મકાનો તુટ્યા હતા ત્યાં હાલમાં તળાવ ઊંડું કરવાની કામગીરી ચાલી રહી છે. ચંડોળા તળાવનો વિકાસ કરવાનું આયોજન કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. જેના પગલે હાલમાં રોજના ૧૦૦ જેટલા ટ્રક દ્વારા ૨ હજાર ટન જેટલો કાટમાળ ખસેડવામાં આવી રહ્યો છે. તળાવમાં રહેલો કાટમાળ દુર કરવા સાથે તળાવને ઊંડું કરવા માટે માટી કાઢવામાં પણ આવી રહી હોવાનું જાણવા મળે છે. તળાવ ઉંડો કરતા જે માટી નિકળી રહી છે તેનો ઉપયોગ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર ખાતેના વનીકરણ પ્રોજેક્ટમાં કરવામાં આવશે. જ્યારે કન્સ્ટ્રક્શન વેસ્ટ અને ડિમોલેશન વેસ્ટને કોર્પોરેશનના સીએન્ડડી વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ પ્રોડેક્ટ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

### જામનગર લૂંટેરી દુલ્હન કેસ

## યુવકને ફસાવનાર બે આરોપીની આખરે ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) જામનગર, તા.૨૬ ।

જામનગરમાં એક રિક્ષા ચાલક યુવાન સાથે લૂંટેરી દુલ્હને કરેલી છેતરપિંડીના ચકચારી પ્રકરણમાં પોલીસે કાર્યવાહી કરી છે. લગ્ન કરાવી આપનાર જામનગરના એક શખ્સ અને કાલાવડની એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, અને તેમની પાસેથી ૩૦,૦૦૦ રૂપિયા રોકડા કબજે કરવામાં આવ્યા છે. જ્યારે દુલ્હન ફરાર થઈ ગઈ છે. જામનગરના બેડી વિસ્તારમાં એકડે એક બાપુની દરગાહ પાસે રહેતા અને રિક્ષા ચલાવતા ૩૯ વર્ષીય ખીમજીભાઈ બુધાભાઈ મકવાણા નામના યુવાન સાથે મહારાષ્ટ્રની એક યુવતીના લગ્ન કરાવી આપવા માટે ૧.૮૦ લાખ રૂપિયામાં સોદો થયો હતો. આ લગ્ન જામનગરમાં લાલખાણ વિસ્તારમાં રહેતા યુનુસભાઈ ગનીભાઈ મન્સૂરી અને કાલાવડના પંજેતન નગરમાં રહેતી મુમતાઝબેન અજીતભાઈ નામની મહિલાએ કરાવ્યા હતા. આ બંને વચેટિયાઓએ મહારાષ્ટ્રના અકોલાની રોહિણી મોહનભાઈ હિંગલે નામની યુવતી સાથે ખીમજીભાઈ મકવાણાના કોર્ટ મેરેજ કરાવી આપ્યા હતા. અને લગ્નના દિવસે જ રોહિણીને દોઢ લાખ રૂપિયા, જ્યારે મુમતાઝબેન અને યુનુસભાઈને ૧૫-૧૫ હજાર રૂપિયા એમ કુલ ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. લગ્ન બાદ દંપતી જામનગર પરત ફર્યું હતું. પરંતુ, ૧૮મી તારીખે રોહિણી ૫૦,૦૦૦ રૂપિયામાં મંગળસૂત્ર લેવા માટે જામનગરના દરબારગઢ વિસ્તારમાં ખરીદી કરવાના બહાને ગઈ અને રફુચક્કર થઈ ગઈ હતી.

### મુખ્ય આરોપી એસટીમાં પાર્ટટાઈમ નોકરી કરતો

# એસટીમાં નોકરી અપાવવાના બહાને ઠગાઈ આચરતા બે આરોપી ઝડપાયા

### પોલીસે નિલેશ રોહિત અને આશિષ ક્રિશ્ચનની ધરપકડ કરીને અન્ય ભોગ બનનારની તપાસ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં રહેતા નિલેશ રોહિતે ઈકોનોમિક્સમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ વડોદરામાં એસટી વિભાગમાં બસમાં GPS લગાવાનું કામ કરતો હતો. નિલેશને દીકરા, પત્ની અને માતાની સારવાર માટે રૂપિયાની જરૂરિયાત હોવાથી તેણે ઠગાઈની દુકાન શરૂ કરી અને એસટીમાં નોકરી આપવાની લાલચ આપીને બોગસ લેટરપેડ અને સિક્કા મારીને લોકો પાસેથી રૂપિયા વસૂલવાની શરૂઆત કરી હતી. વટવા GIDC પોલીસ સ્ટેશનમાં આરોપી નિલેશ રોહિત અને તેના સાથીદાર આશિષ ક્રિશ્ચને ખોખરામાં રહેતા યુવકને એસટીમાં નોકરી આપવાના બહાને રૂપિયા ૯૭ હજારની ઠગાઈ આચર્યાની ફરિયાદને પગલે વટવા GIDC પોલીસે નિલેશ રોહિત અને આશિષ ક્રિશ્ચનની ધરપકડ કરીને અન્ય ભોગ બનનારની તપાસ હાથ ધરી છે.ખોખરામાં રહેતા અને વટવા GIDCમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકને એસટી વિભાગમાં સિનિયર ક્લાર્કની નોકરી આપવાની લાલચ આપીને રૂપિયા ૯૭ હજારની ઠગાઈ આચરનારા બે આરોપીની વટવા GIDC પોલીસે વટવા વિસ્તારમાંથી ધરપકડ કરી છે. ઝડપાયેલા બંને આરોપીની એસીપી પ્રદીપસિંહ જાડેજા દ્વારા પૂછપરછ કરતા ચોંકાવનારી હકીકત ખૂલી કે નિલેશ રોહિત અને આશિષ ક્રિશ્ચન બંને કર્ણાટક ફરવા માટે ગયા હતા. તે સમયે એકબીજા સાથે મુલાકાત થઈ ત્યારે આરોપી નિલેશે આશિષને જણાવ્યું હતું કે કોઈને એસટીમાં નોકરી જોઈતી હોય તો જાણ કરજો રૂપિયા આપવાથી નોકરી મળી જશે, ત્યારબાદ આશિષ ક્રિશ્ચન વટવાની કંપનીમાં સીસીટીવી ફિટિંગ કરવા માટે ગયો હતો. ત્યાં કંપનીના કામ કરતા કર્મચારી યુવક સાથે એસટીમાં નોકરી અપાવવા અંગેની વાતચીત થઈ હતી. અને કહ્યું કે તેનો એક મિત્ર છે. જે રૂપિયા લઈને એસટીમાં નોકરી અપાવે છે. ત્યારબાદ આરોપી નિલેશ અને આશિષ ક્રિશ્ચને બંનેએ ભેગા મળીને યુવક પાસેથી રૂપિયા ૯૭ હજાર લીધા હતા.

## ભ્રષ્ટાચારી નેતા સામે ભાજપનું મોટું એક્શન

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

ભાજપે પોતાના જ ભ્રષ્ટાચારી નેતાઓ સામે એક્શન લેવાની શરૂઆત કરી છે. ત્યારે સુરતમાં ભાજપના ભ્રષ્ટાચારી નેતા હર્ષદ ચૌધરીને પક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયા છે. ભાજપ જિલ્લા પ્રમુખ ભરત રાઠોડે હર્ષદ ચૌધરીને સસ્પેન્ડ કર્યા છે. ભાજપ દ્વારા ભ્રષ્ટાચારી નેતા હર્ષદ ચૌધરીને સસ્પેન્ડકરવામાંઆવ્યાછે.વાણીવર્તનઅને પાર્ટીને હાનિ પોહચે તેવું કૃત્ય કરાતા પાર્ટી દ્વારા તેને સસ્પેન્ડ કરાયા છે. તાત્કાલિક અસરથી સક્રિય સભ્ય અને પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા છે. હર્ષદ ચૌધરીનું નામ બોરસદ-ડેગડીયા ગામે ૯ ઓરડાના બદલે ૮ ઓરડા બનાવી એક ઓરડામાં ૫ લાખથી વધુનો ભ્રષ્ટાચારમાં સામેલ છે. વિપક્ષની રજુઆત બાદ તંત્ર દ્વારા તપાસ કરી માંગરોળ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. હાલ હર્ષદ ચૌધરી જેલના સળિયા પાછળ છે.

# તારો બાપ ભિખારી છે કહી પતિએ પત્ની અને પુત્રીને ઘરમાંથી કાઢી મૂક્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગોતામાં રહેતા પતિએ પત્ની અને દીકરીને ઘરમાંથી કાઢી મૂકતા પત્નીએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પતિ, સસરા સહિતના લોકો સામે ફરિયાદ નોંધાવી છે.ગોતા વંદેમાતરમ નજીક વેસ્ટર્ન પ્રાઈમ રહેણાકમાં રહેતા જયેશ દેસાઈ સ્પાના ધંધાર્થી છે. તેમના લગ્ન ૨૦૧૪માં ઘોડાસર આવકાર હોલ નજીક રહેતી યુવતી સાથે થયા હતા. આઠથી નવ વર્ષ સુધી દામ્પત્ય જીવન સારી રીતે ચાલતું હતું. આ દરમિયાન જયેશ દેસાઈની પત્નીએ દીકરો અને દીકરીને જન્મ આપ્યો હતો. ૨૦૨૨ બાદ દંપતી વચ્ચે તકરાર થતા પતિ પત્નીની મારઝૂડ કરતો અને તું મા-બાપના ઘરેથી દહેજમાં કશું લાવી નથી, તારો બાપ ભિખારી છે કહી મારઝૂડ કરતો હતો.

દીકરીનું ઘર ન ભાંગે તે માટે પરિણીતાના પિતાએ જમાઈને ધંધો કરવા રૂપિયા ૧૫ લાખ આપ્યા હતા. આમ છતાં થોડા મહિના બાદ ધંધામાં બીજા રૂપિયાની જરૂરિયાત છે તારા પિતા પાસેથી રૂપિયા લઈ આવ કહીને પરિણીતા સાથે મારઝૂડ કરવા લાગ્યો હતો. પરિણીતાનો દિયર પણ અમારે બીજી ભાભી લાવવાની છે કહી મેણાં-ટોણાં મારતો હોવાનો પીડિતાએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે. ગત વર્ષે નવરાત્રિના સમયે પતિ, સસરા અને દિયરે ભેગા થઈને પુત્રવધૂ અને દીકરીને ઘરમાં કાઢી મૂકી હતી. પતિએ દીકરાને પોતાની પાસે રાખી લીધો હતો. પરિણીતાએ ફરિયાદમાં પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાનું પણ જણાવ્યું છે. પરિણીતાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પતિ જયેશ દેસાઈ, સસરા લગધીર દેસાઈ અને જીગર લગધીર દેસાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સુરતમાં આત્મહત્યા અટકતી નથી વધુ ત્રણ વ્યક્તિએ મોતને વ્હાલું કર્યું

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતમાં આત્મહત્યાની ઘટનાઓ સતત બનતી રહી છે. વધુ ત્રણ વ્યક્તિએ અકાળે મોતને વ્હાલુ કર્યું હોવાનું નોંધાયું છે. અમરોલીમાં સગીરા એ ફાંસો ખાઈ લીધો, લીંબાયતની યુવતીએ શરીર પરના ડાઘાથી કંટાળી અને મોટાવરાછામાં રીક્ષા ચાલકે જીવ ટૂંકાવ્યો હતો.પહેલી ઘટનામાં અમરોલી વિસ્તારમાં આવેલી વેદાંત ઈન્ડસ્ટ્રીઝ પાસે આશાપુરી સોસાયટીમાં રહેતા ઉદયભાઈ કશ્યપની નાની દિકરી ૧૭ વર્ષીય રૂપલે ઘરની અગાસી પર રૂમની છતના હૂક સાથે દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો, સવારે માતા પોતાની દીકરીને જગાડવા જતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. રૂપલે કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે રહસ્ય સર્જાયું છે. બીજી ઘટનામાં મૂળ ભરૂચ જિલ્લાના વાંગડા ખાતેના વતની ૪૦ વર્ષીય રમેશભાઈ રમણભાઈ પટેલ હાલમાં મોટા વરાછા ખાતે આવેલા દરબાર ફળિયામાં પરિવાર સાથે રહેતા હતા, રમેશભાઈએ ગઈ તારીખ ૨૩મીના રોજ બપોરે ઉતરાણ ખાતે આવેલા મનીષ ગરનાળા પાસે વિષપાન કરીને જીવન ટૂંકાવ્યું હતું. ત્રીજી ઘટનામાં મૂળ ઉત્તર પ્રદેશ અયોધ્યાના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં ૨૧ વર્ષીય પૂજા જયશંકર તિવારી માતા ભાઈ-બહેન સહિતના પરિવાર સાથે રહેતી હતી. પૂજાના પિતાનું અવસાન થઈ ગયું છે.

પૂજાને શરીર પર કોઈ ડાઘ થઈ ગયા હતા. જેની દવા પણ ચાલુ હતી. જેનાથી અંતે કંટાળી ગઈ કાલે બપોરે પૂજાએ ઘરે પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પૂજાએ બીમારીના કારણે અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે.

# રોડ શોમાં મુલાકાત લેનારા વિદેશી વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદૂર દ્વારા પ્રધાનમંત્રીના આતંકવાદ સામેના પ્રતિભાવની કરી પ્રશંસા...









। (માહિતી) વડોદરા ।

ગુજરાતના બે દિવસના પ્રવાસ દરમિયાન આજરોજ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ વડોદરામાં રોડ શો કર્યો. ઓપરેશન સિંદૂર પછી રાજ્યની આ તેમની પહેલી મુલાકાત હતી. પીએમ મોદીજીની એક ઝલક જોવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો રસ્તાની બંને બાજુ ઉમટી પડ્યા અને રોડ શો દરમિયાન તેમના પર ફૂલોની પાંખડીઓ પણ વરસાવી હતી. વડોદરામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓએ પણ સ્થળની મુલાકાત લીધી હતી અને આતંકવાદ સામેના તેમના મજબૂત જવાબ માટે પ્રેક્ષકો તરફથી પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું. ઓપરેશન સિંદૂર પછી શહેરની તેમની પ્રથમ મુલાકાત પર વડોદરાએ માનનીય પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. દરેક ઉંમરના અને દરેક ક્ષેત્રના લોકોએ રોડ શોના સ્થળની મુલાકાત લીધી હતી અને પહેલગામમાં નિર્દોષ લોકો પર કાયર આતંકવાદી હુમલાનો જવાબ આપવા બદલ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું. વડોદરામાં અભ્યાસ કરતા વિદેશી દેશોના વિદ્યાર્થીઓએ પણ સ્થળની મુલાકાત લીધી હતી અને ઓપરેશન સિંદૂર માટે પ્રધાનમંત્રીની પ્રશંસા કરી હતી. "ઓપરેશન સિંદૂર આતંકવાદ સામે સફળ ઓપરેશન હતું અને ભારત સરકારે આ ઓપરેશન માટે તમામ પ્રકારના આતંકવાદને નાબૂદ કરવા માટે ઘણી મહેનત કરી. ભલે હવામાન ગરમ હોય, પરંતુ અમને પ્રધાનમંત્રીને ખૂબ નજીકથી જોઈને આનંદ થયો," સ્થળની મુલાકાત લેનારા એક વિદેશી વિદ્યાર્થીએ કહ્યું. MSU માં અભ્યાસ કરતા કેમેરૂનના અન્ય એક વિદ્યાર્થીએ ઓપરેશન સિંદૂરને ખૂબ જ વિચારશીલ અને સારો પ્રતિભાવ ગણાવ્યો. તેણીએ કહ્યું કે, દરેક દેશે આતંકવાદ સામે લડવા માટે તૈયાર રહેવું જોઈએ અને જોડાવું જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ મે ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ અમાસ | અંક : ૩૨૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૧૪૦ કરોડ ભારતીયો એક વિકાસ ભારત બનાવવા માટે એક થયા છે

# આપણા દેશની પ્રગતિ માટે જે કંઈ જરૂરી છે તે અહીં ભારતમાં થવું જોઈએ : વડાપ્રધાન મોદી

### વડાપ્રધાન મોદી દ્વારા ગુજરાતના દાહોદમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા



। (એજન્સી) દાહોદ, તા.૨૬ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના દાહોદમાં ૨૪,000 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. સભાને સંબોધતા તેમણે ટિપ્પણી કરી કે ૨૬ મેનો દિવસ ખાસ મહત્વ ધરાવે છે. કારણ કે તે ૨૦૧૪ માં તેમણે પહેલી વાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમણે ગુજરાતના લોકોના અતૂટ સમર્થન અને આશીર્વાદનો સ્વીકાર કર્યો, જેમણે તેમને રાષ્ટ્રનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આ વિશ્વાસ અને પ્રોત્સાહને દિવસ-રાત દેશની સેવા કરવાના તેમના સમર્પણને વેગ આપ્યો છે. વર્ષોથી, ભારતે એવા નિર્ણયો લીધા છે જે અભૂતપૂર્વ અને અકલ્પનીય હતા, દાયકાઓ જૂના અવરોધોથી મુક્ત થઈને અને દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. "આજે, રાષ્ટ્ર નિરાશા અને અંધકારના યુગમાંથી આત્મવિશ્વાસ અને આશાવાદના નવા યુગમાં ઉભરી આવ્યું છે", તેમણે ઉમેર્યું હતું.

"વિકસિત ભારત બનાવવા માટે ૧૪૦ કરોડ ભારતીયો એક થયા છે", એમ કહીને મોદીએ ભારતમાં આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદનના મહત્વ પર ભાર મૂક્યો, અને કહ્યું કે આત્મનિર્ભરતા એ સમયની જરૂરિયાત છે. તેમણે ટિપ્પણી કરી કે ભારત વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે નોંધ્યું કે સ્થાનિક ઉત્પાદન અને નિકાસ બંને સતત વધી રહ્યા છે. ભારત હવે સ્માર્ટફોન, ઓટોમોબાઈલ, રમકડાં, સંરક્ષણ સાધનો અને દવાઓ સહિત વિવિધ ઉત્પાદનોની નિકાસ કરી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત માત્ર રેલ અને મેટ્રો ટેકનોલોજીનું ઉત્પાદન જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે તેની નિકાસ પણ કરી રહ્યું છે. દાહોદને આ પ્રગતિનું મુખ્ય ઉદાહરણ ગણાવતા, જ્યાં હજારો કરોડના મોટા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ દાહોદ ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફેક્ટરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે પ્રકાશિત કરી. તેમણે ત્રણ વર્ષ પહેલાં તેનો શિલાન્યાસ યાદ કર્યો અને ગર્વ વ્યક્ત કર્યો કે પ્રથમ ઈલેક્ટ્રિક લોકોમોટિવ હવે સફળતાપૂર્વક બનાવવામાં આવ્યું છે. તેમણે લોકોમોટિવને લીલી ઝંડી બતાવી, જે ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ છે. વધુમાં, તેમણે જાહેરાત કરી કે ગુજરાતે તેના રેલવે નેટવર્કનું ૧૦૦% વીજળીકરણ હાંસલ કર્યું છે, તેને એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ગણાવ્યું અને આ સિદ્ધિ માટે ગુજરાતના લોકોને અભિનંદન આપ્યા હતા. દાહોદ સાથેના પોતાના લાંબા સમયથી જોડાયેલા સંબંધો અને આ પ્રદેશ સાથે સંકળાયેલી ઘણી યાદોને યાદ કરતા, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે તેઓ દાયકાઓથી દાહોદની મુલાકાત લઈ રહ્યા છે, અને તેમના શરૂઆતના વર્ષો દરમિયાન તેઓ ઘણીવાર સાયકલ પર આ વિસ્તારની શોધખોળ કરતા હતા. તેમણે ભાર મૂક્યો કે આ અનુભવોએ તેમને દાહોદના પડકારો અને સંભાવના બંનેને સમજવામાં મદદ કરી . મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી પણ, તેમણે ઘણી વખત આ પ્રદેશની મુલાકાત લેવાનું ચાલું રાખ્યું અને તેની સમસ્યાઓના ઉકેલ માટે નિર્ણાયક પગલાં લીધાં. તેમણે ભાર મૂક્યો કે દાહોદમાં દરેક વિકાસ પહેલ તેમને અપાર સંતોષ આપે છે, અને આજનો દિવસ તેમના માટે વધુ એક અર્થપૂર્ણ દિવસ છે.

છેલ્લા ૧૦-૧૧ વર્ષોમાં ભારતના રેલવે ક્ષેત્રના ઝડપી વિકાસ પર પ્રકાશ પાડતા પીએમ મોદીએ મેટ્રો સેવાઓના વિસ્તરણ અને સેમી-હાઈ-સ્પીડ ટ્રેનોની શરૂઆત પર ભાર મૂક્યો, જે દેશભરમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવે છે. તેમણે ટિપ્પણી કરી કે વંદે ભારત ટ્રેનો હવે લગભગ ૭૦ રૂટ પર કાર્યરત છે, જે ભારતના પરિવહન નેટવર્કને વધુ મજબૂત બનાવે છે. તેમણે અમદાવાદ અને વેરાવળ વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાની જાહેરાત કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં આધુનિક ટ્રેનોનો ઉદય દેશની ટેકનોલોજીમાં પ્રગતિને કારણે છે. તેમણે ભાર મૂક્યો હતો કે કોચ અને લોકોમોટિવ્સ હવે સ્થાનિક સ્તરે બનાવવામાં આવે છે, જેનાથી આયાત પર નિર્ભરતા ઓછી થાય છે. "ભારત રેલવે સાધનોના અગ્રણી નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત ઓસ્ટ્રેલિયાને મેટ્રો કોચ અને ઈંગ્લેન્ડ, સાઉદી અરેબિયા અને ફ્રાન્સને ટ્રેન કોચ નિકાસ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે મેક્સિકો, સ્પેન, જર્મની અને ઈટાલી પણ ભારતમાંથી રેલવે સંબંધિત ઘટકોની આયાત કરે છે. પ્રધાનમંત્રી મોદીએ વધુમાં ટિપ્પણી કરી હતી કે ભારતીય પેસેન્જર કોચનો ઉપયોગ મોઝામ્બિક અને શ્રીલંકામાં થઈ રહ્યો છે, અને 'મેડ ઈન ઈન્ડિયા' લોકોમોટિવ્સ અનેક દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલના સતત વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે, જે રાષ્ટ્રીય ગૌરવને મજબૂત બનાવે છે.

## ન્યૂઝ બ્રિફ

### દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

આજે દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં વિદેશમંત્રી એસ. જયશંકર અને વિદેશ સચિવ વિક્રમ મિસરી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન જયશંકરે ઓપરેશન સિંદૂરથી લઈને સંઘર્ષ વિરામ પર મહત્ત્વની માહિતી આપી છે. તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા ઘર્ષણ અને ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર અંગે માહિતી આપતા કહ્યું કે, 'અમે તમામ દેશોને કહ્યું હતું કે, પાકિસ્તાન હુમલા બંધ કરશે, તો અમે બંધ કરીશું. નહીં તો જડબાતોડ જવાબ મળતો રહેશે.' સૂત્રોના જણાવ્યા મુજબ ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામમાં અન્ય દેશની ભૂમિકા અંગે જયશંકરે કહ્યું કે, 'જ્યારે અન્ય દેશોએ અમને પૂછ્યું તો અમે કહ્યું કે, જો તેઓ ફાયરિંગ કરશે તો અમે ફાયરિંગ કરીશું, જો તેઓ અટકશે તો અમે અટકીશું.' આ ઉપરાંત તેમણે સિંધુ જળ સમજૂતી અંગે કહ્યું કે, 'જે કોઈપણ નિર્ણય લેવાશે, તે દેશના હિતમાં હશે અને સારો હશે.'

### શુભમન ગિલ કેપ્ટન બન્યો તેનો શ્રેય યુવરાજ સિંહને જાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ૫ મેચની ટેસ્ટ સીરિઝની કમાન શુભમન ગિલને સોંપવામાં આવી છે. જ્યારે રિષભ પંતને વાઈસ-કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી શુભમન ગિલ નવા ટેસ્ટ કેપ્ટન બનવાની ચર્ચા ચાલી રહી હતી. આખરે BCCI એ તેને મંજૂરી આપી અને આ ખેલાડીને કેપ્ટનશીપની જવાબદારી સોંપી. એવામાં ગિલના કેપ્ટન બન્યા પછી, યુવરાજ સિંહના પિતા યોગરાજ સિંહે પણ પ્રતિક્રિયા આપી છે.

### પ્લેઓફ પહેલા જેકબ બેથેલે છોડ્યો RCB ટીમનો સાથ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

IPL 2025માં શાનદાર પ્રદર્શન કરી રહેલી RCB પહેલાથી જ પ્લેઓફમાં જગ્યા બનાવી ચૂકી છે. ક્વોલિફાયર-૧માં સ્થાન મેળવવા માટે તેમને હવે ફક્ત એક જીતની જરૂર છે. પરંતુ આ પહેલા સમાચાર આવી રહ્યા છે કે તેમના બેટ્સમેન જેકબ બેથેલે ટીમ છોડી દીધી છે. હવે તે બાકીની સિઝનમાં રમતો જોવા મળશે નહીં. તમને જણાવી દઈએ કે, અગાઉ ફાસ્ટ બોલર લુંગી ન્ગીડીએ નેશનલ ડ્યુટીના કારણે ટીમ છોડી હતી.

### પડોશી દેશ સામૂહિક વિનાશના શસ્ત્રો તૈયાર કરી રહ્યું છે

# ભારતને પાકિસ્તાન તેના અસ્તિત્વ માટે ખતરો માને છેઃ USનો ગુપ્તચર અહેવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

અમેરિકાના વિદેશ વિભાગના ગુપ્તચર અહેવાલમાં મોટો ખુલાસો કરાયો છે કે પ ાકિસ્તાન ભારતને તેના અસ્તિત્વ માટે ખતરો માને છે અને ભારતની લશ્કરી તાકાતને પહોંચી વળવા માટે અણુ શસ્ત્રો જેવા સામુહિક વિનાશના શસ્ત્રોનું આધુનિકરણ કરી રહ્યું છે. તેને આ માટે ચીન જેવા વિદેશી સપ્લાયર્સની મદદ મળી રહી છે. બીજી તરફ ભારત પાકિસ્તાનને એક ગૌણ સુરક્ષા સમસ્યા માને છે.

વૈશ્વિક ખતરા પરના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલમાં યુએસ ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીએ જણાવ્યું છે કે પાકિસ્તાની સેના બેટલફીલ્ડ ન્યુક્લિયર શસ્ત્રો સહિત તેના લશ્કરી આધુનિકીકરણના પ્રયાસોને ચાલુ રાખશે. પાકિસ્તાન ભારતને અસ્તિત્વ માટેનો ખતરો માને છે અને ભારતના પરંપરાગત લશ્કરી લાભને સરભર કરવા માટે યુદ્ધભૂમિ પરમાણુ શસ્ત્રોના વિકાસ સહિત તેના લશ્કરી આધુનિકીકરણના પ્રયાસોને ચાલુ રાખશે. પાકિસ્તાન તેના પરમાણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહ્યું છે અને તેની પરમાણુ સામગ્રી તથા પરમાણુ કમાન્ડ એન્ડ કંટ્રોલની સુરક્ષા જાળવી રહ્યું છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનને સામુહિક વિનાશના શસ્ત્રોની સામગ્રી વિદેશી સપ્લાયર્સ અને મધ્યસ્થીઓ પાસે લગભગ મેળવી લીધી છે. આગામી વર્ષ દરમિયાન પાકિસ્તાની સૈન્યની ટોચની પ્રાથમિકતાઓમાં પ્રાદેશિક પડોશીઓ સાથે સરહદ પારની અથડામણો, તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલૂચ રાષ્ટ્રવાદી આતંકવાદીઓ દ્વારા વધતા હુમલાઓ, આતંકવાદ વિરોધી પ્રયાસો અને પરમાણુ આધુનિકીકરણ રહેવાની શક્યતા છે.

### સેન્સેક્સ-નિફ્ટીમાં બમ્પર ઉછાળો

## સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।



ટ્રેડિંગ સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૪૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૧૭૬.૪૫ પર બંધ થયો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૦.૬૦ ટકાના ઉછાળા સાથે ૨૫,૦૦૧.૧૫ પર બંધ થયો. સોમવારે ઓટો, આઈટી અને મેટલ શેરોમાં વધારાને કારણે બેન્ચમાર્ક ઈક્વિટી સૂચકાંકો વધારા સાથે ટ્રેડ થયા. આજના ટ્રેડિંગ દરમિયાન એમએન્ડએમ, ટાટા મોટર્સ, એલએન્ડટી નેસ્લે ઈન્ડિયા, એચસીએલટેક અને ટેક મહેન્દ્રાના શેર સેન્સેક્સ પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈટરનલ (જોમેટો), કોટક મહિન્દ્રા બેંક, એચડીએફસી બેંકના શેર ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. બધા ક્ષેત્રીય સૂચકાંકોમાં વધારો નોંધાયો, જેમાં નિફ્ટી ઓટો ઈન્ડેક્સ (૧.૦૮ ટકા), નિફ્ટી આઈટી ઈન્ડેક્સ (૧.૦૧ ટકા) અને નિફ્ટી મેટલ ઈન્ડેક્સ (૦.૯૨ ટકા)નો સમાવેશ થાય છે.

### સરકાર ગોવામાં કરશે ૧૫,૦૦૦ કરોડનો ખર્ચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ગરમીની રજાઓ શરૂ થઈ ગઈ છે અને દર વર્ષે જેમ કે આ વખતે પણ લાખો પ્રવાસીઓ ગોવા ફરવા નીકળી ગયા છે. પ્રવાસીઓની આ સંખ્યા કારણે દર વર્ષે ગોવાના રસ્તાઓ પર ભયંકર ટ્રાફિક જામ થાય છે, જે સ્થાનિક લોકો અને દૂરથી આવતા પ્રવાસીઓ માટે મુશ્કેલીનું કારણ બને છે. પરંતુ, જલ્દી જ આ સમસ્યાનો ઉકેલ આવી રહ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યની આસપાસ રિંગ રોડ બનાવવાનો નિર્ણય કર્યો છે.

### પત્રકાર અને રેડ ક્રોસના કાર્યકર્તા સહિત ૩૦ના મોત

## ઈઝરાયલે ગાઝામાં શાળામાં રહેતા શરણાર્થીઓ પર કર્યો મોટ હુમલો

। (એજન્સી) ગાઝા, તા.૨૬ ।



ઈઝરાયલે રવિવારે મોડી રાત્રે ગાઝામાં અનેક સ્થળોએ હુમલા કર્યો. આ હુમલાઓમાં એક શાળાને પણ નિશાન બનાવવામાં આવી હતી, જેમાં પત્રકાર અને રેડ ક્રોસના કાર્યકર્તા સહિત ૩૦ના મોત થયાના રિપોર્ટ મળ્યા છે. શાળામાં લાગેલી આગમાં લોકો જીવતા ભુંજાયા હતા. અલ જઝીરાના અહેવાલ મુજબ તે એક કિન્ડરગાર્ટન સ્કૂલ હતી, અને આ શાળાનો ઉપયોગ શરણાર્થી શિબિર તરીકે થઈ રહ્યો હતો. આ હુમલામાં બે રેડ ક્રોસના કાર્યકરો, એક પત્રકાર અને કેટલાક બાળકોનો મોત થયા છે. આ અંગે મળેલા રિપોર્ટ પ્રમાણે સોમવારે ગાઝામાં ઈઝરાયલી હુમલામાં અત્યાર સુધીમાં ૫૦ થી વધુ લોકોનાં મોત થયા છે. તો બીજી બાજુ સ્પેને માંગ કરી છે કે વિશ્વભરના દેશો ઈઝરાયલ પર પ્રતિબંધો લાદે.

### મહારાષ્ટ્ર જળબંબાકાર

## પૂણેમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ, સોલાપુર હાઈવે બેટમાં ફેરવાયો

### એકનાથ શિંદેનો રાજ્યના સત્તાધીશોને વરસાદના કારણે એલર્ટમાં રહેવાં તેમજ બચાવ કામગીરી હાથ ધરવા નિર્દેશ

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।



મહારાષ્ટ્રમાં આજે ભારે પવન સાથે વરસાદનું આગમન થઈ ચૂક્યું છે. આજે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદમાં કોંકણ, પુણે, સતારા, થાણે, મુંબઈ સહિતના વિસ્તારોમાં જનજીવન ખોરવાયું છે. હાઈવે પર ભારે ટ્રૅફિક જામ જોવા મળ્યો છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે રાજ્યના સત્તાધીશોને વરસાદના કારણે એલર્ટમાં રહેવાં તેમજ સમયસર બચાવ કામગીરી હાથ ધરવા નિર્દેશ આપ્યો છે. તેમણે રાજ્યના લોકોને હવામાન વિભાગ દ્વારા આપવામાં આવતાં એલર્ટને ધ્યાનમાં લેવા અપીલ કરી છે. તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વસતા લોકોને સાવચેતી રાખવા કહ્યું છે. પુણેમાં આભ ફાટ્યાની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વેસ્ટર્ન ઘાટમાં કુરવંડેમાં ૧૮૪.૫ દ્વદ્વ વરસાદ પડ્યો છે. અન્ય વિસ્તારોમાં પણ વરસાદના કારણે પાણી ભરાયા છે. નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

### પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ

## બે દેશો વચ્ચેની લડાઈમાં થી અમેરિકા પૈસા કમાય છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬ ।



પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના અમેરિકા અંગેના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. તેમણે અમેરિકા પર આરોપ લગાવ્યો છે કે તે તેના શસ્ત્ર ઉદ્યોગને ફાયદો પહોંચાડવા માટે જાણી જોઈને વૈશ્વિક સંઘર્ષોને ભડકાવે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન આપેલા તેમના નિવેદનથી સમગ્ર વિશ્વમાં અમેરિકા વિશે નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખ્વાજા આસિફનો આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન કહેતા જોવા મળે છે કે અમેરિકનો આખી દુનિયામાં ૧૦૦ વર્ષથી આવું કરી રહ્યા છે. તે આખી દુનિયામાં યુદ્ધો કરાવે છે. તેઓએ અત્યાર સુધીમાં લગભગ ૨૬૦ યુદ્ધો લડ્યા છે, જ્યારે ચીને ફક્ત ૩ યુદ્ધો લડ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે અમેરિકા હજુ પણ આ યુદ્ધોમાંથી પૈસા કમાઈ રહ્યું છે.

## જે OICના દમ પર કૂદાકૂદ કરતું હતું પાકિસ્તાન ત્યાં જ પ્લાનિંગ ફેલ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૬ ।

ઈસ્લામિક દેશોના સંગઠન (OIC) માં પાકિસ્તાનને જોરદાર ફટકો પડ્યો છે અને ભારતની મોટી કૂટનીતિક જીત થઈ છે. એટલે કે જે દેશોના દમ પર પાકિસ્તાન ખુબ કૂદી રહ્યું હતું તેણે હવે ત્યાં પણ હારનો સામનો કરવો પડ્યો છે. એટલે કે નીચું જોવું પડ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ જકાર્તામાં આયોજિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) સંસદીય યુનિયનની બેઠકમાં પાકિસ્તાને ફરીથી શર્મિંદગીનો સામનો કરવો પડ્યો છે. તેનો ભારત વિરોધી પ્રસ્તાવ સંપૂર્ણ રીતે ફગાવી દેવાયો છે. જ્યાં એક બાજુ ભારતે ૩૨ દેશોમાં સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલીને પાકિસ્તાનના આતંકવાદ સમર્થનનો પર્દાફાશ કરવાની કોશિશ કરી તો બીજી બાજુ પાકિસ્તાનને લાગ્યું કે આ તક છે કે જ્યારે ઈસ્લામિક દેશોના સંગઠનમાં ભારત વિરુદ્ધ માહોલ બનાવવામાં આવે પરંતુ પાકિસ્તાનની આ ચાલ પર પાણી ફરી વળ્યું. પાકિસ્તાનના નાપાક મનસૂબાઓ પર પાણી ફેરવનારા દેશોમાં ઈન્ડોનેશિયા, ઈજિપ્ત અને બહેરીન જેવા દેશ આગળ રહ્યા.

### પાકિસ્તાનને આપતો હતો ગુપ્ત માહિતી

## દિલ્હીમાંથી CRPF જવાનની ધરપકડ કરવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ જાસૂસીના આરોપસર દિલ્હીમાંથી એક મોતીરામ જાટ નામના CRPF જવાનની ધરપકડ કરી છે. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓને ગુપ્ત માહિતી પૂરી પાડવાનો આરોપ છે. NIAના જણાવ્યા મુજબ, મોતીરામ ૨૦૨૩થી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ માટે જાસૂસી કરતો હતો. તેણે દેશની સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી ઘણી વખત શેર કરી હતી. તેને પાકિસ્તાનમાંથી વિવિધ માધ્યમો દ્વારા નાણાં મળતા હતા, જે તેની જાસૂસી પ્રવૃત્તિઓનો એક ભાગ હતો. મોતીરામને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરાયો હતો.

## સિંદૂર સન્માન યાત્રામાં કર્નલ સોફિયા કુરેશીના પરિવારનું અભિવાદન ઝીલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। વડોદરા, તા.૨૬ ।




આજે વડોદરામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વાગત સન્માન માટે સિંદૂર સન્માન યાત્રા યોજાઈ હતી. ત્યારે આ યાત્રામાં ઓપરેશન સિંદૂરની વિગતો દેશ-દુનિયા સમક્ષ પ્રસ્તુત કરનારા કર્નલ સોફિયા કુરેશીનો પરિવાર પણ સહભાગી થયો હતો. તેમની સાથે સેનામાં ફરજ દરમિયાન શહીદ થયેલા આઠ જવાનોના પરિવારે પણ ઉત્સાહવર્ધન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીનો કાફલો જ્યારે એરપોર્ટથી એરફોર્સ તરફ જતો હતો, ત્યારે આ રૂટ પર સ્ટેજ નંબર-૨ પર હાજર કર્નલ સોફિયા કુરેશીના પરિવારને જોઈને વડાપ્રધાનશ્રીને ગાડીને સ્ટેજ નજીક લઈ જવા સૂચના આપી હતી. જ્યારે વડાપ્રધાનશ્રીની ગાડી નજીક આવી ત્યારે કર્નલ સોફિયા કુરેશીના પરિવારે શ્રી મોદી પર ગુલાબની પાંખડી વરસાવી અભિવાદન કર્યું હતું. વડાપ્રધાન શ્રી મોદી પણ અહીં થોડી ક્ષણ માટે રોકાઈને નમસ્તે કહ્યું હતું.

## તંત્રી લેખ...

# યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આકરા પાણીએ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત હાર્વર્ડ યુનિવર્સિટી પર હુમલો કર્યો છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા લગભગ ૩૧ ટકા વિદ્યાર્થીઓ વિદેશી છે અને હાર્વર્ડ આ વિદ્યાર્થીઓની વિગતો આપવાનો ઈનકાર કરે છે. સરકાર તેમને અબજો ડોલરનું ભંડોળ આપે છે. તો તેમણે જવાબ આપવો જોઈએ. આ સાથે ટ્રમ્પે દાવો કર્યો છે કે હાર્વર્ડ પાસે ૫.૨૦ કરોડ ડોલરનું ભંડોળ છે. યુનિવર્સિટી તેનો ઉપયોગ કરી શકે છે. ફેડરલ સરકારને તમને ભંડોળ આપવાની કોઈ જરૂર નથી. ટ્રમ્પ સરકારે હાર્વર્ડ યુનિવર્સિટીને વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા રોકી દીધી હતી. દુનિયાની ટોચની સંસ્થાઓમાંથી એક હાર્વર્ડે ટ્રમ્પ સરકારના આ નિર્ણયને ગેરકાયદે ગણાવતા કોર્ટમાં પડકાર્યો હતો. કોર્ટે ટ્રમ્પ સરકારના નિર્ણય પર સ્ટે મૂકી દીધો હતો. જોકે હવે ફરી એક વખત ટ્રમ્પે હાર્વર્ડમાં વિદેશી વિદ્યાર્થીઓના પ્રવેશને રોકવાના તેમના નિર્ણયનો બચાવ કર્યો છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ટૂથ સોશિયલ પર હાર્વર્ડ સામે અનેક સવાલ ઊઠાવ્યા છે. ટ્રમ્પે લખ્યું કે, હાર્વર્ડમાં અભ્યાસ કરનારા લગભગ ૩૧ ટકા વિદ્યાર્થી વિદેશી છે અને યુનિવર્સિટી આ વિદ્યાર્થીઓની માહિતી આપવામાં ટાળમટોળ કરી રહી છે. હાર્વર્ડ કેમ નથી કહેતી કે તેના લગભગ ૩૧ ટકા વિદ્યાર્થી વિદેશી છે, જેમાંથી કેટલાક તો અમેરિકાના મિત્ર દેશો પણ નથી. આ દેશો પોતાના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કોઈ ચૂકવણી નથી કરી રહ્યા તો અમેરિકા શા માટે તેમની પાછળ નાણાં ખર્ચે. તેમણે વધુમાં લખ્યું કે, અમે જાણવા માગીએ છીએ કે હાર્વર્ડમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ કોણ છે. આ એક યોગ્ય સવાલ છે, કારણ કે અમે હાર્વર્ડને અબજો ડોલરની સહાય કરીએ છીએ. અમે એ વિદ્યાર્થીઓના નામ અને દેશોના નામ જાણવા માગીએ છીએ. તેમણે ઉમેર્યું કે હાર્વર્ડ પાસે ૫.૨૦ કરોડ ડોલર (અંદાજે રૂ. ૪ અબજથી વધુ)નું ભંડોળ છે. યુનિવર્સિટી તેનો ઉપયોગ કરે અને ફેડરલ સરકારને તેમને ભંડોળ આપવાનું ચાલુ રાખવાનું ના કહે. ટ્રમ્પ સરકારે અગાઉ હાર્વર્ડ માટેનું ૨.૨ અબજ ડોલરનું ફેડરલ દાન અને ૪૫ કરોડ ડોલરનું વધારાનું ભંડોળ ફ્રીઝ કરી દીધું છે.

## કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રી ડાર્ક પેટર્ન પર હિસ્સેદારોને મળશે

### ખાદ્ય-જાહેર વિતરણ, ફાર્મસી, મુસાફરી, સૌંદર્ય પ્રસાધનો, છૂટક, કપડાં, ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાં મોટી ઇ-કોમર્સ કંપનીઓ ભાગ લેશે

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી, શ્રી પ્રહલાદ જોશી ૨૮ મે ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય હિસ્સેદારોની બેઠકમાં ડાર્ક પેટર્ન અંગે ગ્રાહકોની ચિંતાઓને સંબોધિત કરશે. આ બેઠકનો હેતુ આ મુદ્દાને ઉકેલવા માટે વધુ અસરકારક ઉકેલો શોધવાનો પણ છે.

આ મીટિંગમાં ફૂડ, ટ્રાવેલ, કોસ્મેટિક્સ, ફાર્મસી, રિટેલ, કપડાં અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાં કાર્યરત તમામ મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ ભાગ લેશે. કેટલાક મુખ્ય હિસ્સેદારોમાં એમેઝોન, ફ્લિપકાર્ટ, 1mg.com, એપલ, બિગબાસ્કેટ, મીશો, મેટા, મેકમાયટ્રીપ પેટીએમ, ઓલા, રિલાયન્સ રિટેલ લિમિટેડ, સ્વિગી, ઝોમેટો, યાત્રા, ઉબેર, ટાટા, ઈઝમાયટ્રીપ, ક્લિયર ટ્રિપ, ઈન્ડિયામાર્ટ , ઈન્ડિગો એરલાઈન્સ, ઝિગો, જસ્ટડાયલ, મેડિકા બજાર, નેટમેડ્સ, ONDC, થોમસ કૂક અને વોટ્સએપ સામેલ છે. આ યાદી ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગના એ વિશ્વાસને મજબૂત બનાવે છે કે, ગ્રાહક અધિકારોને આગળ વધારવા અને પારદર્શક, વિશ્વસનીય બજાર સુનિશ્ચિત કરવામાં ઉદ્યોગની ભાગીદારી મહત્વપૂર્ણ છે.

આ બેઠકમાં મુખ્ય ઉદ્યોગ સંગઠનો, તેમજ સ્વૈચ્છિક ગ્રાહક સંગઠનો (VCOs) અને અગ્રણી રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટીઓ (NLUs) પણ સક્રિય ભાગ લેશે. તેમની આંતરદૃષ્ટિ, સંશોધન અને નિયમનકારી દ્રષ્ટિકોણ મજબૂત અને અમલમાં મૂકી શકાય તેવા ઉકેલોને આકાર આપવા માટે મૂલ્યવાન ઈનપુટ પ્રદાન કરશે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયનો ગ્રાહક બાબતોનો વિભાગ, ગ્રાહક અધિકારોનું રક્ષણ કરવા અને વાજબી વેપાર પ્રથાઓને પ્રોત્સાહન આપવાની તેની અતૂટ પ્રતિબદ્ધતામાં, ડાર્ક પેટર્ન - ભ્રામક વપરાશકર્તા ઈન્ટરફેસ ડિઝાઈન જે ગ્રાહકોને ગેરમાર્ગે દોરે છે અથવા અનિચ્છનીય પસંદગીઓ કરવા માટે ચાલાકી અને અન્યાયી વેપાર પ્રથાને રોકવા માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યો છે. આ પ્રથાઓ ગ્રાહક વિશ્વાસને નબળી પાડે છે, વાજબી બજાર ગતિશીલતાને વિકૃત કરે છે અને ડિજિટલ વાણિજ્યની અખંડિતતા માટે ગંભીર ખતરો ઉભો કરે છે.

વિભાગે ડાર્ક પેટર્નનો સામનો કરવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે. વ્યાપક હિસ્સેદારોની સલાહ લીધા પછી, વિભાગે ૩૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ ડાર્ક પેટર્નના નિવારણ માટે વ્યાપક માર્ગદર્શિકા જારી કરી હતી. જેમાં ઈ-કોમર્સમાં ૧૩ મુખ્ય ડાર્ક પેટર્નને ઓળખવામાં આવ્યા હતા, જેમાં ફોલ્સ અર્જન્સી, બાસ્કેટ સ્નીકિંગ, કન્ફર્મ શેમિંગ, ફોર્સ્ડ એક્શન, સબસ્ક્રિપ્શન ટ્રેપ, ઈન્ટરફેસ ઈન્ટરફરેન્સ, બેટ એન્ડ સ્વિચ, ડ્રિપ પ્રાઈસિંગ, ડિસ્ગાઈઝ્ડ એડવર્ટાઈઝમેન્ટ, નેગિંગ, ટ્રિક ક્વેશ્ચન, સાસ બિલિંગ અને રોગ માલવેરનો સમાવેશ થાય છે. વિભાગની અગ્રણી પહેલોમાં ડાર્ક પેટર્ન્સ બસ્ટર હેકાથોન ૨૦૨૩નો સમાવેશ થાય છે, જે ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ IIT (BHU) ના સહયોગથી શરૂ કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રવ્યાપી નવીનતા પડકારમાં IIT, NIT અને અન્ય યુનિવર્સિટી-ઓના વિદ્યાર્થીઓ અને વ્યક્તિઓને ડાર્ક પેટર્ન શોધવા અને તેનો સામનો કરવા માટે ટેકનોલોજીકલ સોલ્યુશન્સ - એપ્સ, બ્રાઉઝર એક્સટેન્શન અને AI ટૂલ્સ - ડિઝાઈન કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. હેકાથોનના પરિણામોના આધારે, વિભાગે ત્યારથી IIT (BHU)ના સહયોગથી ત્રણ શક્તિશાળી ગ્રાહક સુરક્ષા એપ્લિકેશનો વિકસાવી છે. જે રાષ્ટ્રીય ગ્રાહક દિવસ ૨૦૨૪ના રોજ લોન્ચ કરવામાં આવી હતી. વિભાગે વ્યાપક ગ્રાહક જાગૃતિ ઝુંબેશ ચલાવી છે અને ભ્રામક પ્રથાઓને ઓળખવા અને નિરુત્સાહિત કરવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર સક્રિયપણે દેખરેખ રાખી છે.

**ક્રોધથી ઘણી મુઢતા આવે છે, મુઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઉભો થાય છે, સ્મૃતિમાં ભ્રમ ઉભો થવાથી, બુદ્ધિ અર્થાત જ્ઞાન શક્તિનો નાશ થઈ જાય છે**

# કર્મથી ઈશ્વરનાં વિગ્રહમાં, જ્ઞાનથી અંતઃકરણમાં જ્યારે ભક્તિથી હૃદયમાં સ્થાન મળે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કર્મ, જ્ઞાન, અને ભક્તિ આ ત્રણ સાધન થકી મનુષ્ય પરમાત્માને પામી શકે છે, એવી આપણે ત્યાં વાત છે, અને એ સત્ય હકીકત પણ છે, એવું આપણા સાધુ ચરિત્રો કહી ગયા, કર્મ દ્વારા માનવી પરમાત્મા સ્વરૂપે જે વ્યાપ્ત વિગ્રહનું એક ચોક્કસ સ્વરૂપ આપણા શાસ્ત્રોએ નક્કી કર્યું છે, એ વિગ્રહમા સ્થાન મેળવે છે, એટલે કે આપણી રુચિ વિષ્ણુમાં હોય તો આપણે એ ચતુર્ભુજ સ્વરૂપ વિગ્રહમાં સ્થાન મેળવી શકીએ છીએ.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમાજ માનસિક રીતે બિમાર હોય એવું તારણ આપણે કાઢી શકીએ! કારણકે એને વાતવાતમાં ક્રોધ આવે છે! પછી તે વાત સામાજિક હોય, પારિવારિક હોય, કે વ્યક્તિગત હોય! કોઈને કોઈ વાતે એને સામેવાળાથી અસંતોષ ઉભો થાય છે, અને એ વ્યક્ત કરવા માટે ક્રોધ કરવો!; ક્રોધમા હિંસા કરવી! કે ગાલીગલોચ કરવું બસ આ જ જાણે માનવીની ઓળખાણ હોય એવું જોવા મળે છે. હાલાકી યોગેશ્વર કૃષ્ણ એ ગીતાના બીજા અધ્યાયના ૬૩ માં શ્લોકમાં અર્જુનને કહ્યું છે કે

**ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ,**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ.**

ક્રોધથી ઘણી મુઢતા આવે છે, મુઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઉભો થાય છે. સ્મૃતિમાં ભ્રમ ઉભો થવાથી, બુદ્ધિ અર્થાત જ્ઞાન શક્તિનો નાશ થઈ જાય છે, અને બુદ્ધિનો નાશ થવાથી એ પુરુષનું પોતાની સ્થિતિથી પતન થાય છે. ક્રોધ ન કરવો જોઈએ એવું આપણાં ઘણા બધા મહાનુભાવો કહે છે. શાસ્ત્રોત વચન તો છે જ, આ ઉપરાંત આપણો પોતાનો પણ અનુભવ રહ્યો કે ક્રોધ એ સારી વસ્તુ નથી, એ આપણને પરિણામ સુધી પહોંચવા દેતો નથી. ઘણીવાર વગર કારણે કરેલો ક્રોધ આપણને બહુ મોટી મુસીબતમાં પણ મૂકી શકે છે, છતાં આપણે ક્રોધ છોડી શકતા નથી. અત્યારે ઉનાળો ચાલે છે અને હવે તો કાયમ આંતર બાહ્ય તાપ એટલો બધો તીવ્ર થઈ ગયો છે, કે નાની નાની વાતમાં ક્રોધ આવી જાય છે. અથવા તો અહમની દ્રષ્ટિ સતત થતી હોવાથી પણ, કોઈ આપણને કહી શું કામ જાય! એવી એક ભાવના પણ સતત સૌમાં જોવા મળે છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણએ ક્રોધનો સૌથી મોટો ગેરફાયદો આ શ્લોકમાં બતાવ્યો છે. મૂઢતા શબ્દનો અર્થ બહુ ખતરનાક છે. મૂઢ હોવું અને મૌન હોવું આ બંને વાતમાં ઘણું અંતર છે, મૌન એ પોતાની પરિપક્વ સ્થિતિનું આદર્શ ઉદાહરણ છે, જ્યારે મૂઢ હોવું એ સ્વભાવની એક અતિ વિચિત્રતા છે.

સૌપ્રથમ તો આ શ્લોકના ભાવાર્થને સમજવા માટે મુઢતા શબ્દનો અર્થ આપણે સમજવો પડે. મુઢતા એટલે, એ જાણે તો છે કે આ સાચું છે અને આ ખોટું છે, અને છતાં એ ખોટામાં પ્રવૃત્ત રહે, અથવા તો ચૂપ રહીને એ વાતને એટલે કે ખોટાંને ટેકો આપે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે અતિશય દુર્ગુણ વાળો માણસ હોય તો એને સહન કરવો કે સમજાવવો સહેલો પડે, પરંતુ મૂઢ વ્યક્તિને સમજાવી શકાતો નથી, કે એની પાસેથી કોઈ બીજી અપેક્ષા રાખી શકાતી નથી. કારણ કે એ જાણે તો છે જ, પરંતુ એ સત્યને ગ્રહણ કરવા માંગતો નથી. હવે આ વ્યાખ્યા મુજબ તો સાંપ્રત સમયનો ૯૦ ટકા ઉપરનો સમાજ મૂઢ છે, એમ કહી શકાય, કારણ કે આપણી પાસે આપણા અમૂલ્ય વૈદિક શાસ્ત્રોનો અર્ક છે. આ ઉપરાંત કેટલા મહાનુભાવોના જીવન ચરિત્રથી આપણે વાકેફ છીએ, જાણીએ છીએ કે આ સત્ય છે, આ અસત્ય છે. આપણા પોતાના અનુભવો પણ એ સત્ય સાથે જોડાઈ ગયા હોય, પણ છતાં આપણે જેમ વર્તવું હોય એમ જ વર્તીએ છીએ! અને એટલે જ જ્ઞાન માત્ર જાણકારી બનીને મગજમાં રહી જાય છે, અને વારંવાર અહંકારને કારણે ક્રોધ જન્માવે છે.

હવે બીજો શબ્દ છે સ્મૃતિ સામાન્ય રીતે આપણે સંસારીઓ સ્મૃતિને યાદશક્તિ તરીકે જ ઓળખીએ છીએ! પરંતુ આપણે પરમાત્મભાવની સ્મૃતિ સાથે અનુસંધાન રાખવાનું છે! પરમાત્મા દર્શનની આપણી જે અત્યંત ઉત્કૃષ્ટ ઝંખના છે, એને કારણે આપણે ઈશ્વર અનુસંધાનના કોઈપણ માર્ગથી સાધના કરીએ છીએ, અને એ સાધના દરમિયાન આપણને ઈશ્વર તત્વ વિશેની કોઈ પ્રતીતિ કે અનુભૂતિ થઈ હોય, તો એ આપણી અમુલ્ય સ્મૃતિ છે. ક્રોધ આવવાથી જે મુઢતા આવે છે, એ આ સ્મૃતિ વિશે ભ્રમ પેદા કરે છે. એટલે કે આપણા જ્ઞાન ઉપર આપણને શંકા થાય છે, અને આપણું મન વિચારવા લાગે છે, કે શું એ ખરેખર ઈશ્વરની અનુભૂતિ હતી? શું સાચે એ પરમાત્મા સ્વરૂપની ઝાંખી હતી? અને આ સંશય કે ભ્રમ એ આપણી સાધનાને વિફળ બનાવવા માટે પર્યાપ્ત છે. એટલે જ્યારે પણ ફરી અનુસંધાન કેળવવા માટે સાધના થાય, ત્યારે એકડે એક થી શરૂઆત કરવી પડે. અથવા તો જે કંઈ સાધના થાય છે એમાં કોઈ રસ આવતો નથી, માત્ર એ ક્રિયા રૂપે બધું થાય છે. અત્યારે આ જ રીતે લોકો ઈશ્વર સાથે જોડાતા હોય છે, એટલે કે ક્યારેક શાસ્ત્રોને નામે, આમ કરવું જોઈએ! અથવા તો નહીં કરીએ તો પાપ કે નર્કનો ડર સતાવે, અને જે કંઈ થાય તે કરીએ. ધર્મ જગત એ માનવીને ભયભીત કરવાનું જાણે ઠેકાણું હોય એમ ત્યાં જઈએ એટલે અરરર તમે તો આવો પહેરવેશ પહેર્યો છે! તમે તો તિલક કર્યું નથી! તમે તો માળા રાખતા નથી! તમે તો પાશ્ચાત્ય સંસ્કૃતિ મુજબ જીવો છો! વ્રત ઉપવાસ કંઈ જ કર્યું નથી! જે વસ્તુનો નિષેધ બતાવ્યો છે, એ બધું જ તમે તો કરો છો! હવે તમારું તો શું થશે? એ કંઈ કહી શકાય એમ નથી! નર્ક ના ૮૪ દ્વાર તમારી માટે ખુલ્લા છે! અને આમ ભયભીત થયેલો માનવી ઈશ્વરથી દૂર અને દૂર જતો જાય છે. કદાચ કંઈક કરે તો એ પણ નર્કના કે પાપના ડરને કારણે થતું હોય! થવું ચોક્કસ જરૂરી છે, પરંતુ એની માટેની આ ભૂમિકા બિલકુલ યોગ્ય નથી, જે કંઈ કર્મ થાય છે એ સંવેદનાથી થવું જોઈએ, એ કરુણાથી થવું જોઈએ, પ્રેમપૂર્વક થવું જોઈએ, અને સત્યના પાયા પર ઉભેલું હોવું જોઈએ, તો જ એ કર્મ કર્મયોગી બનાવે છે, અને કર્મનો ભાર રહેતો નથી. કર્મ, જ્ઞાન, અને ભક્તિ આ ત્રણ સાધન થકી મનુષ્ય પરમાત્માને પામી શકે છે, એવી આપણે ત્યાં વાત છે, અને એ સત્ય હકીકત પણ છે, એવું આપણા સાધુ ચરિત્રો કહી ગયા. કર્મ દ્વારા માનવી પરમાત્મા સ્વરૂપે જે વ્યાપ્ત વિગ્રહનું એક ચોક્કસ સ્વરૂપ આપણા શાસ્ત્રોએ નક્કી કર્યું છે, એ વિગ્રહમા સ્થાન મેળવે છે. એટલે કે આપણી રુચિ વિષ્ણુમાં હોય તો આપણે એ ચતુર્ભુજ સ્વરૂપ વિગ્રહમાં સ્થાન મેળવી શકીએ છીએ, અને દુર્ગા શિવ કે શ્રીકૃષ્ણ હોય તો એ મુજબ એના વિગ્રહમાં કર્મ દ્વારા સ્થાન મેળવી શકીએ છીએ. જ્ઞાન દ્વારા આપણે વિગ્રહના અંતઃકરણ એટલે કે મનમાં સ્થાન મેળવી શકીએ છીએ, અને પરમાત્મામા રહેલું મન આપણને સતત જાગૃત રાખે છે. પરંતુ ભક્તિ દ્વારા આપણે એ પરમાત્મા સ્વરૂપ વિગ્રહના હૃદયમાં સ્થાન મેળવી શકીએ છીએ, અને એને કારણે પરમાત્મા સ્વરૂપનું હૃદય જે રીતે પ્રવૃત રહે છે, એટલે સત્ય પ્રેમ અને કરુણાની સરવણી વહાવી સૌને પ્રેમ કે પ્રસન્નતા વહેંચે છે, બિલકુલ એ રીતે આપણે પણ પ્રવૃત થઈ એ છીએ.

મૂઢ વ્યક્તિ આ બધું જ જાણતો હોય છે, પણ છતાં એ કર્મ, જ્ઞાન કે ભક્તિ એકેયનું અનુસંધાન કરતો નથી અને જાણે કે પથ્થર પર પાણી જેમ એને સદગુરુ કે કોઈ બુદ્ધ પુરુષ ગમે તેટલો બોધ આપે એ ગ્રહણ કરતો નથી, અને આ રીતે એનો મનુષ્ય જન્મ વિફળ જાય છે. તો મોઢે એટલે મૌન નહીં, અને સ્મૃતિ એટલે ફક્ત યાદશક્તિ નહીં, પણ પરમાત્મા સ્વરૂપની જે ઝાંખી થઈ હતી એની સ્મૃતિ! આ બંને વાત યાદ રાખી આપણે આપણા જીવનમાં શ્રીકૃષ્ણએ આપેલો બોધ ગ્રહણ કરી જીવી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે, ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છે તે પરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય!**

# સંપત્તિ ફક્ત વ્યક્તિની જીવનશૈલી બદલી શકે છે, બુદ્ધિ, ઇરાદા અને ભાગ્ય નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ઇન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી ઇન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસાર રૂપી ખાડામાં નાંખે છે, બહારના વિષયોમાં આનંદ નથી, સુખ નથી, ખરો આનંદ બહાર નથી, અંદર જ છે આત્મામાં છે, આનંદ એ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે, એની એક નક્કર સાબિતીએકે જો શરીરમાં આનંદ હોયતો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી?**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા, પણ મનને શાંતિ નથી. સમય જાય એટલે ખબર પડે છે કે, વિષયોના આનંદમાં સારનથી ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથીઅને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે. જીવ રસસુખ તરફ ખેંચે છે. આંખ રૂપના સુખ તરફ ખેંચે છે. ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે, બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી. અરે આજ સુધીમાં તે કેટલી વખત ખાધાં તે યાદ કરને! ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી, તો આંખો કહે, તેં બે માસથી ફિલ્મ જોઈ નથી. પૈસા ખર્ચીને અંધારા માં બેસેએ સુધર્યા કહેવાય કે બગડયા કેટલાક કહે છે,અમે તો ધાર્મિક ફિલ્મ જોઈએ છીએ. ધાર્મિક ચિત્રો પણ ન જોવાય, કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની ફિલ્મમાં શું જોવું? રામ જેવો કોઈ રામનો પાઠ ભજવે તો અસર થાય નરસિંહ મહેતાની ફિલ્મ જોઈને જે ફિલ્મ નહોતા જોતા એવા ભક્તો ફિલ્મ જોતા થયા.પણ ફિલ્મો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો! તમે કહેશો કે, હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું. વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે. શંકર સ્વામી એ એક જગ્યાએ આ ઈન્દ્રિયોને ચોર કહી છે. ઈન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે. ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્મા ને જ છેતરે છે.તેને ત્યાંથી ચોરી કરે છે!આથી દેવહુતિ પુત્રને કહે છે કે,આ ચોર રૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે. જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો. કપિલ ભગવાનને આનંદ થયો.તે બોલ્યા મા, આનંદ એ તો આત્માનું સ્વરૂપ છે. અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે. પણ આનંદ જડ વસ્તુમાં રહી શકે નહીં. સંસારના વિષયો સુખ આપે છે, પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છેતે તેમને દુઃખ પણ આપશે.પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે. આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે, પણ. ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ-ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદવાળી લાગે છે. જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્ર છે. આજગત દુઃખરૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, ક્ષણભંગુર અને સુખરહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર. વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ અંતે તે વિષમય પુરવાર થાય છે. ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસાર રૂપી ખાડામાં નાંખે છે. બહારના વિષયોમાં આનંદ નથી, સુખ નથી.ખરો આનંદ બહાર નથી, અંદર જ છે આત્મામાં છે. આનંદ એ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે.એની એક નક્કર સાબિતીએકે જો શરીરમાં આનંદ હોય તો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી?જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે. બે શરીરના સ્પર્શથી સુખ મળતું નથી. પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે, ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છેતેપરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય! બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદ જેવું લાગે છે. ઈન્દ્રિયોને મનગમતોપદાર્થ મળે એટલે ઈન્દ્રિયો વિષયમાં તદ્રુપ થાય છે, એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિ બિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે.આનંદએ આત્માનું સહજ સ્વરૂપ છે. શીતળતાએ જળનું સહજ સ્વરૂપ થાય છે. તેમ મા, આત્મા તો નિત્ય શુદ્ધ છે. આનંદ સ્વરૂપછે. સુખ દુઃખ એ મનના ધર્મો છે. મન નિર્વિષય એટલે આનંદમળે છે. દશ્યમાંથી દષ્ટિને હટાવી દષ્ટા માં દષ્ટિને સ્થિર કરે તો આનંદ મળે. મા, જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એકસરખો આનંદ આપે. તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે. માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ, માલપૂડા એટલે કે વિષયો માં નથી,જડ પદાર્થોમાં નથી. શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી.એટલે શિખંડ માં આનંદ નથી, તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે. સંસારના પદાર્થોમાં આનંદનથી, પણ ઈન્દ્રિયોને મન ગમતા વિષય મળે એટલે ઈન્દ્રિય બહારથી અંતર્મુખ થાય છે અંતર્મુખ થયેલા મનમાં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છેએટલે આનંદથાય છે. મન અંદર આવેછે એટલેઆનંદ મળે છેતે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે. કલ્પના કરોકે,શેઠ શિખંડ-પૂરી જમવા બેઠા છે.ત્યાં મુંબઈની પેઢી માંથી તાર આવે છે કે, પેઢી ડૂબી ગઈ છે. એ જ શિખંડ તરત ઝેર જેવો બની જાય છે. એ શિખંડ હવે મોંમાં જતો નથી. મા, સંસારના જડ પદાર્થમાં આનંદ નથી. આનંદ જ્યારે જ્યારે મળે છે ત્યારે તે ચેતન પરમાત્માના સંબંધ થી મળે છે. જીવ કપટી છે. પરમાત્મા ભોળા છે જીવ ઉપક્ષા કરે છે તો પણ તેના અપરાધની પરમાત્મા ક્ષમા કરે છે. આનંદએ બ્રહ્મસ્વરૂપ છે. જીવાત્મા પણ આનંદરૂપ છે. જીવ અજ્ઞાનથી આનંદને બહાર શોધવા જાય છે. બહારનો આનંદ વધારે ટકતો નથી સુખ દુઃખએ મનના ધર્મ છે. જન્મ મરણ એ શરીરના ધર્મ છે.ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે. સુખદુઃખ મનને થાય એટલે આત્મા કલ્પે છે કે, મને દુઃખ થાય છે.મનને થયેલા સુખદુઃખના આરોપ અજ્ઞાન થી આત્મા પોતાનામાં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મળ છે.તેમાં વિષયોનું પ્રતિબિંબ પડવાથી મન ને લીધે આત્મા માને છેકે,મનેદુઃખ થયું.સ્ફટિક મણિ પાછળ જેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિક મણિનો નથીપણ ફૂલનો છે, જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી. તેમ દેહાદિના ધર્મો પોતાનામાં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાનામાં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુસરણ કરવાથી,ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પરના ભક્તિયોગ થી ધીમે ધીમે દૂર થાય છે.જે ભક્તિ નિષ્ઠ થાય છે, તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે. સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામ થી આવશે તો મન કહેશે કે,આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવેને કહેકે,નાસ્તો કરીને આવ્યો છું.ભૂખ નથી.તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે.આ બધો મનનો ખેલ છે.મન બહુ લુચ્ચું છે.મારું અને તારું એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે. મા,જીવનાં બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે.મન જો વિષયોમાં આસક્ત થાય તોતે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે રાજય કાળઝાળ ગરમી બફારો તો કેટલાક વિસ્તારોમાં મેઘરાજા તોફાની બેટિંગ ખેલે તેવી આગાહી વચ્ચે મુંબઈ દિલ્હીમાં વૈશાખ મહિનાના અંતિમ દિવસો માં મેઘરાજા ધબડાટી બોલાવી રહયા છે ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# સલમાન બિગબોસ ૧૯ સાથે ટીવીના પડદે પાછો ફરશે

### ૨૦૧૪થી શોની ચોથી સીઝનથી બિગ બોસ શોનું સંચાલન કરે છે, તેના કારણે તેણે આ શોના ઓડિયન્સ સાથે મજબુત નાતો બાંધી લીધો છે




ઘણા લાંબા સમયથી બિગ બોસ શો આવશે કે નહીં આવે એ અંગે ચર્ચાઓ અને અનિશ્ચિતતાઓ ચાલતી હતી. થોડાં વખતથી કલર્સ ટીવી અને શોના પ્રોડક્શન હાઉસ બાનિજય એશિયા વચ્ચે તકરારના પણ અહેવાલો હતા. તેથી બિગ બોસની ૧૯મી સીઝન કેન્સલ થઈ જાય એવી શક્યતા હતી. ત્યારે હવે એવા અહેવાલ છે કે આ શો આવશે જ અને તેની નવી સીઝન નિશ્ચિત થઈ ગઈ છે.એવા અહેવાલ છે કે બિગ બોસની ૧૯મી સીઝન આવશે જ અને એન્ડીમોલ શાઈન ઈન્ડિયા દ્વારા આ શો પ્રોડ્યુસ કરવામાં આવશે. સાથે એવા અહેવાલ છે કે આ શોના હોસ્ટ તરીકે સલમાન ખાન જ હશે એ પણ નક્કી થઈ ચૂક્યુ છે. હવે એવી શક્યતા છે કે જુલાઈ મહિનામાં આ શો શરૂ થઈ શકે છે. જોકે, બિગ બોસના મેકર્સ તરફથી આ અંગે હજુ કોઈ કન્ફર્મેશન આવ્યું નથી. અગાઉ એવી અફવા હતી કે બિગ બોસની ૧૯મી સીઝન કેન્સલ થઈ શકે છે. તેની પાછળનું સૌથી મોટું કારણ એ હતું કે આ શોના સૌથી મોટા સ્પોન્સર પાછળ ખસી ગયા હતા, તેથી સ્પોન્સર્સ માટે કોઈ ફંડ વિના શો શરૂ કરવો મુશ્કેલ હતો. વધુમાં શો નવી ચેનલ પર જાય એવી પણ ચર્ચા હતી, કારણ કે સોની ટીવી અને શોના પ્રોડક્શન હાઉસ વચ્ચે કોઈ સમસ્યા થઈ ગઈ હતી. તેથી બિગ બોસ કલર્સના બદલે સોની પર જાય એવી પણ શક્યતા હતી. સલમાન ખાન ૨૦૧૪થી શોની ચોથી સીઝનથી બિગ બોસ શોનું સંચાલન કરે છે, તેના કારણે તેણે આ શોના ઓડિયન્સ સાથે મજબુત નાતો બાંધી લીધો છે. સલમાન ખાન આ શોનો ચહેરો બની ગયો છે, તેની સંચાલનની અલગ સ્ટાઈલથી પ્રભાવિત થઈને પણ ઘણા લોકો બિગ બોસ જોતાં થયાં છે. એટલું જ નહીં, શોમાં આવતા ઘણા કન્ટેસ્ટન્ટ પણ સલમાન ખાનને કારણે આ શોમાં ભાગ લે છે.

# આલિયાનો અલગ અંદાઝ પ્રભાવિત ન કરી શક્યો



### આલિયા ભટ્ટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના બીજા મોહક લુકથી ચાહકોના દિલ જીત્યા


બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના બીજા મોહક લુકથી ચાહકોના દિલ જીતી લીધા. લાઈટ્સ ઓન વિમેન્સ વર્થના બેનર હેઠળ લોન્ચ કરાયેલા આ કાર્યક્રમમાં આલિયા ભટ્ટે લોરિયલ પેરિસ પહેલ માટે પોઝ આપ્યો હતો. આલિયા ભટ્ટ અગાઉ હાથીદાંત-નગ્ન શિયાપારેલી ડ્રેસમાં રેડ કાર્પેટ પર ચાલતી જોવા મળી હતી અને તે કાન્સમાં તેના સૌથી અદભુત દેખાવમાંનો એક માનવામાં આવતો હતો. આલિયા ભટ્ટના નવા લુકની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આલિયા ભટ્ટ ૨૦૨૪ માં લોરિયલની વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડરની યાદીમાં જોડાઈ હતી. અત્યાર સુધી, ઐશ્વર્યા રાય એકલી આ બ્રાન્ડનું પ્રતિનિધિત્વ કરતી હતી, પરંતુ પછી આલિયા ભટ્ટના તેની સાથેના જોડાણથી તેને નવી ઉર્જા મળી. આલિયા ભટ્ટના આઉટફિટ વિશે વાત કરીએ તો, રિયા કપૂર દ્વારા ડિઝાઈન કરાયેલ આ આઉટફિટ આલિયા ભટ્ટને ખૂબ જ સ્લીક લુક આપી રહ્યો હતો. ગાઉનના ઉપરના ભાગમાં વાદળી રંગના રત્નોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને બાકીનો ગાઉન નાના ચળકતા પથ્થરોથી શણગારવામાં આવ્યો છે.આલિયા ભટ્ટના આ ડિઝાઈનર આઉટફિટે ઈવેન્ટમાં બધાનું ધ્યાન ખેંચ્યું. અભિનેત્રીએ આ સુંદર ગાઉન સાથે મેચિંગ કલરના બ્લુસ્ટોન ઈયરિંગ્સ પહેર્યા હતા.

### નવી ફિલ્મમાં આર્મી ઓફિસરની ભૂમિકા ભજવશે

# અભિનેતા સલમાને લેહમાં ઓછા ઓક્સીજન વચ્ચે પરસેવો પાડ્યો

### અભિનેતા સલમાન ખાન ખૂબ જ ટૂંક સમયમાં એક નવી ફિલ્મ સાથે મોટા પડદા પર પાછા ફરવા જઈ રહ્યો છે

અભિનેતા સલમાન ખાન ખૂબ જ ટૂંક સમયમાં એક નવી ફિલ્મ સાથે મોટા પડદા પર પાછા ફરવા જઈ રહ્યો છે. આ માટે અભિનેતા ખૂબ જ મહેનત કરી રહ્યો છે. સલમાન ખાન તેની આગામી ફિલ્મ માટે ઓછા ઓક્સિજન કન્ડીશનીંગમાં કામ કરી રહ્યો છે સખત મહેનત ડીટ્સ ઈનસાઈડ સલમાન ખાને નવી ફિલ્મની તૈયારી શરૂ કરી, ઓછા ઓક્સિજનવાળી જગ્યાએ કરી રહી છે સખત તાલીમ બોલિવૂડના ભાઈજાન સલમાન ખાન તેની આગામી ફિલ્મને લઈને સમાચારમાં રહે છે. જેના સંદર્ભમાં હવે એક નવું અપડેટ બહાર આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દિવસોમાં અભિનેતા ઓછી ઓક્સિજન કન્ડીશનીંગમાં તેની આગામી ફિલ્મની તૈયારી કરી રહ્યો છે. તેમની ફિલ્મ ૨૦૨૦ ના ગાલવાન ખીણ સંઘર્ષ પર આધારિત યુદ્ધ નાટક છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સલમાન આ ફિલ્મ માટે લેહમાં સખત મહેનત કરી રહ્યો છે. આ ફિલ્મમાં તે ૧૬ બિહાર રેજિમેન્ટના બહાદુર અધિકારી કર્નલ બિકુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવી રહી છે. આ પાત્ર ભજવવા માટે સલમાન ખાન તાલીમ લઈ રહ્યો છે. જેથી તે તેનો સંપૂર્ણ ન્યાય કરી શકે.સૂત્રએ એમ પણ કહ્યું કે, ''સલમાન આ ભૂમિકા સંપૂર્ણ પ્રામાણિકતા સાથે ભજવશે. તે ફક્ત કેમેરા માટે જ નહીં પરંતુ દેશની સેવા કરતા દરેક સૈનિકનું સન્માન કરવા માટે તાલીમ લઈ રહ્યો છે. આ વખતે સલમાન ખાન પોતાની સ્ટાર પાવરનો ઉપયોગ એક એવી વાર્તા લાવવા માટે કરી રહ્યો છે જે ખરેખર મહત્વપૂર્ણ છે.'' આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં લેહમાં શરૂ થવાની ધારણા છે.સલમાન ખાન છેલ્લે ફિલ્મ 'સિકંદર'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તે દક્ષિણ અભિનેત્રી રશ્મિકા મંદાના સાથે જોવા મળ્યો હતો. ચાહકોને બંને વચ્ચેની કેમેસ્ટ્રી ગમી, પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કરી શકી નહીં. આ અંગે સલમાન ઘણા દિવસો સુધી સોશિયલ મીડિયા પર ટ્રોલ થયો હતો.



# કેન્સમાં પહોંચતા ઇનફ્લ્યુએન્સર્સ ના ટીકાકારોને એક્ટર વિર દાસનો ઠપકો

### કોમેડિયન વિરે લખ્યું, ''એક શક્યતા ધ્યાનમાં રાખો કે એ લોકો કદાચ તમારા જેવા ડ્રેસ પહેરીને નહીં પહોંચી શકે



એક સમય એવો હતો, જ્યારે ફિલ્મનં પ્રીમિયર થવાનું હોય તો જ માત્ર ફિલ્મના લીડ એક્ટર્સ જ કેન્સમાં જતાં અને પરંતુ છેલ્લાં કેટલાક સમયથી સોશિયલ મીડિયાની અસર અને વિવિધઈન્ફ્લ્યુએન્સરની લોકપ્રિયતા વધતાં વિવિધ બ્રાન્ડને એન્ડોર્સ કરવા કે વિવિધ કારણોસર સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર્સ પણ કેન્મસમાં જતાં થયાં છે. પરંતુ તેની સામે કેટલાંક ફિલ્મ સેલેબ્રિટી અને કહેવાતા ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ વારંવાર અણગમો વ્યક્ત કર્યો છે. આ મુદ્દે હવે વિર દાસે ઈન્ફ્લ્યુએન્સર્સનો વિરોધ કરતાં સેલેબ્ઝની ઝાટકણી કાઢી છે. તેણે કહ્યું કે જો આટલો જ વાંધો હોય તો તમારી ફિલ્મ પ્રમોટ કરવામાં એમની મદદ કેમ લો છો. એક્ટર અને કોમેડિયન વિર દાસે એક્સ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા અને કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં જતા સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સરનો પક્ષ લીધો હતો. તે કઈ રીતે નવા ડિઝાઈનર્સ સાથે કામ કરે છે, તે અંગે પણ તેણે વાત કરી હતી. વિર દાસ એમી એવોર્ડ્ઝ જેવા આંતરરાષ્ટ્રિય મંચ પર પણ નાના ડિઝાઈનરના કપડા પહેરીને તેમને સહકાર આપવાની કોશિશ કરી હતી.વિર દાસે લખ્યું, ''જુઓ, હું નવા અને અજાણ્યા ડિઝાઈનર્સ સાથે ઘણું કામ કરું છું. તેથી હું જાણું છું કે રેડ કાર્પેટ તમારા પર કેટલું ધ્યાન ખેંચી શકે છે અને તેની કેટલી અસર હોય છે. એ રેડ કાર્પેટ સુધી પહોંચવામાં કેટલો સંઘર્ષ કરવો પડે છે, તેનું હું પણ સન્માન કરું છું. આ મારા માટે નથી, પરંતુ હું આ ઓછા જાણીતા લોકોની એનર્જીને માન આપું છું.''વિરે આગળ લખ્યું,''તો જે પણ બધું કહેવાઈ રહ્યું છે..હું એટલું કહી શકું કે...ફિલ્મના લોકો જે ઈન્ફ્લ્યુએન્સર્સના કેન્સમાં જવાથી નારાજ છે, તેમણે પોતાની ફિલ્મના પ્રમોશન માટે તેમના પોડકાસ્ટ પર જવાનું અને તેમની સાથે કોલબરેશન કરવાનું પણ બંધ કરી દેવું જોઈએ. એ લોકોને રેડ કાર્પેટ પર તમારી જગ્યા પર તમારી સાથે ચાલતાં જોઈને તમને જે લાગણી થાય છે, એવી જ લાગણી અમને તમે જ્યારે એમની જગ્યા પર આવીને તમારી મીઠું ખાવાનું છોડી દેવાની વાહિયાત વાર્ત સાંભળીને થાય છે.''અંતે વિર દાસે લખ્યું,''એક શક્યતા ધ્યાનમાં રાખો કે એ લોકો કદાચ તમારા જેવા ડ્રેસ પહેરીને નહીં પહોંચી શકે, કદાચ તમારા જેટલાં સારાં નહીં દેખાય, પણ એ લોકો તમારાથી વધુ રસપ્રદ છે. મને માનવામાં નથી આવતું કે હું ઈન્ફ્લ્યુએન્સર્સનો પક્ષ લઉં છું પરંતુ હવે મોટપ બતાવવાનો સમય નથી.''આ સંદર્ભે જો ઈન્ફ્લ્યુએન્સર્સની વાત કરવામાં આવે તો આ વખતે કેન્સમાં શઆલિની પસ્સી, માસૂમ મિનાવાલા, પારુલ ગુલાટી, સાક્ષી સિંધવાની, અનુશ્કા સેન, સારાહ સરોશ, નિતિભા કૌલે ડેબ્યુ કર્યુ હતું.જોકે, પલ્લવી જોશીએ આ અંગે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, ''એક્ટર્સ આવતા હોય એ સ્થળે ઈન્ફલ્યુએન્સર્સ પણ આવે એમાં કોઈ વાંધો નથી પરંતુ વાત જ્યારે ફિલ્મ ફેસ્ટિવલની હોય, ત્યારે આ એ સ્થળ બની રહેવું જોઈએ જ્યાં ફિલ્મની ઉજવણી થતી હોય. લેખકો, ડિરેક્ટર્સ, એક્ટર્સ, ટેક્નિશિયન્સ અને જે લોકો ફિલ્મ બનાવે છે, તેમની ઉજવણી થવી જોઈએ.



### માતા પુષ્પા અરુણ કુમાર હવે પ્રોડક્શન ક્ષેત્રે

# હું યશની ફિલ્મ પ્રોડ્યુસ નહીં કરું

### 'રોકિંગ સ્ટાર' યશ 'કેજીએફ'ની પહેલી ફિલ્મ રિલીઝ થયા પછી રાતો રાત દેશભરમાં છવાઈ ગયો હતો



'રોકિંગ સ્ટાર' યશ 'કેજીએફ'ની પહેલી ફિલ્મ રિલીઝ થયા પછી રાતોરાત દેશભરમાં છવાઈ ગયો હતો. સાઉથનો હિરો દેશભરનો હિરો બની ગયો હતો. તેના પછી 'કેજીએફ ચેપ્ટર ૨' આવી હતી. એ ફિલ્મ પણ એવી બની કે યશ પહેલી ફિલ્મથી પણ વધુ લોકપ્રિય થયો હતો. તેની સાથે કામ કરવા માટે ઘણા ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ આતુર છે. પરંતુ એક પ્રોડ્યુસર છે, જે યશ સાથે કામ કરવા તૈયાર નથી.યશના માતા પુષ્પા અરુણ કુમાર હવે પ્રોડક્શન ક્ષેત્રે આવી રહ્યાં છે. તેઓ પીએ પ્રોડક્શન હેઠળ 'કોથાલાવડી' ફિલ્મ બનાવી રહ્યાં છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે તેમને પ્રશ્ન પુછાયો હતો કે તેઓ દિકરા યશ માટે કોઈ ફિલ્મ પ્રોડ્યુસ કરશે કે નહીં, તેના જવાબમાં પુશ્પા અરુણે જરા પણ ખચકાટ વિના તરત ના પાડી દીધી હતી. તેમણે કહ્યું કે યશ તો ઘણો લોકપ્રિય છે અને તેની પાસે બહુ પૈસા છે. તેમણે આગળ કહ્યું, ''હું બીજા લોકો માટે ફિલ્મ પ્રોડ્યુસ કરીશ, જેની પાસે પહેલાથી જ થાળી પીરસેલી હોય તેને ભોજન પીરસવાનો કોઈ મતલબ નથી.''

# સુનીલની 'કેસરી વીર'ની દહાડ ફીકી પડી

### ચાહકો ઘણા સમયથી આ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા, આ ફિલ્મનું બજેટ લગભગ ૬૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે




સુનીલ શેટ્ટી અને સૂરજ પંચોલીની ફિલ્મ 'કેસરી વીર' સિનેમાઘરોમાં રિલીઝ થઈ. આ ફિલ્મની સાથે રાજકુમાર રાવની 'ભૂલ ચૂક માફ' પણ સિનેમાઘરોમાં આવી. આવી સ્થિતિમાં, બંને ફિલ્મો એકબીજાને સખત સ્પર્ધા આપી રહી રહી છે. જો કે કેસરી વીર ધાર્યા પરિણામો લાવી શકી નથી.બોલિવૂડ અભિનેતા સુનીલ શેટ્ટી અને સૂરજ પંચોલી સ્ટારર ફિલ્મ 'કેસરી વીર' રિલીઝ થઈ છે. ચાહકો ઘણા સમયથી આ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા. આ ફિલ્મનું બજેટ લગભગ ૬૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આવી સ્થિતિમાં, હવે બધાની નજર આ ૬૦ કરોડ રૂપિયાની ફિલ્મના ઓપનિંગ ડે કલેક્શન પર ટકેલી છે. આ દરમિયાન, 'કેસરી વીર'નું પહેલા દિવસનું કલેક્શન બહાર આવ્યું છે.'કેસરી વીર' ના ઓપનિંગ ડે કલેક્શન વિશે વાત કરીએ તો, શુક્રવારે તે ફક્ત ૨૫ લાખ રૂપિયાથી ખુલ્યું. આ આંકડો ખરેખર નિરાશાજનક છે. જો આ ચાલુ રહેશે, તો તે આ વર્ષની સૌથી મોટી આપત્તિ સાબિત થશે.

### લોકોએ મચાવ્યો હંગામો

# અમેરિકન ગાયિકા બ્રિટની સ્પીયર્સે પ્રાઈવેટ જેટમાં સિગારેટ સળગાવી

### બ્રિટની ઘણીવાર તેના ઇન્સ્ટા ગ્રામ એકાઉન્ટ પર વિચિત્ર વીડિયો શેર કરે છે, જેના કારણે તે સમાચારમાં રહે છે



અમેરિકન ગાયિકા બ્રિટની સ્પીયર્સ ઘણીવાર સમાચારમાં રહે છે. સ્ટારડમ, ડ્રગ્સની લત અને ઉત્પીડન માટે સમાચારમાં રહેતી આ ગાયિકા હવે ખાનગી જેટમાં દારૂ પીવા અને સિગારેટ પીવાના કારણે સમાચારમાં છે. હોબાળા પછી, અધિકારીઓએ તેમને ચેતવણી આપી અને જવા દીધી.રિપોર્ટ અનુસાર, 'બ્રિટની તેના સુરક્ષા ગાર્ડ્સ સાથે મેક્સિકોના કાબો સાન લુકાસથી એલએએક્સ જઈ રહી હતી ત્યારે તેણે દારૂ પીવાનું શરૂ કર્યું. પછી તેણે સિગારેટ કાઢી, સળગાવી અને ધૂમ્રપાન શરૂ કર્યું. આના પર, ઘણા લોકોએ તેને જેટની અંદર સિગારેટ ઓલવવાનું કહ્યું, કારણ કે આવું કરવું સખત પ્રતિબંધિત છે. બ્રિટની તેની સાથે સંમત થઈ ગઈ, પણ ત્યાં સુધીમાં હંગામો શરૂ થઈ ગયો હતો.રિપોર્ટમાં આગળ કહેવામાં આવ્યું છે કે, 'સૂત્રો કહે છે કે અધિકારીઓ તેમને મળ્યા હતા અને તેમના વર્તન વિશે ચેતવણી આપી હતી. ત્યારે જ અમે તેમને જવા દીધા. તમને જણાવી દઈએ કે ખાનગી જેટ કંપનીએ આ મામલે કોઈ ટિપ્પણી કરી નથી.બ્રિટની ઘણીવાર તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વિચિત્ર વીડિયો શેર કરે છે, જેના કારણે તે સમાચારમાં રહે છે. તેણીએ માનસિક સ્વાસ્થ્ય વિશે પણ વાત કરી છે.તેના અંગત જીવન વિશે વાત કરીએ તો, તે ૨૦૨૩ માં સેમ અસગરીથી અલગ થઈ ગઈ અને મે ૨૦૨૪ માં તેના છૂટાછેડા થયા.ગાયકની બાયોપિકની જાહેરાત ૨૦૨૪ માં કરવામાં આવી હતી.

# હું પરેશ રાવલની સામે કંઈ જ નથી : પંકજ ત્રિપાઠી

### સુનીલે એવું પણ કબૂલ્યું કે તેઓ હેરાફેરી સાથે આવારા પાગલ દિવાના અને વેલકમના બીજા ભાગ પર પણ ચર્ચા કરતા હતા

'હેરાફેરી ૩'ની ચર્ચાઓ અને વિવાદ ઘણા લાંબા સમયથી ચાલી રહ્યાં છે. જ્યારથી પરેશ રાવલે બાબુરાવનો રોલ છોડ્યો ત્યાંથી આ વિવાદ મોટો થતો રહ્યો છે. એક તરફ પરેશ રાવલ અને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસની ટક્કરની ચર્ચાઓ ચાલતી હતી, ત્યાં દર્શકોએ આ રોલ બીજું કોણ કરી શકે, તેની પણ ચર્ચા શરૂ કરી દીધી હતી. તેમાં પંકજ ત્રિપાઠીના નામની ચર્ચા સૌથી વધુ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેમણે આ અંગે જવાબ આપ્યો હતો.પંકજ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, પરેશ રાવલ જેવા કોઈ કલાકારનું સ્થાન લેવાનો કોઈ પ્રશ્ન જ નથી આવતો. પરેશ રાવલે કહ્યું,''ફેન્સ ઈચ્છે છે કે હું આ રોલ કરું, એ વિશે મેં સાંભળ્યું અને વાંચ્યું. મને નથી લાગતું હું આ કામ કરી શકું. પરેશ સર એક સજ્જ કલાકાર છે અને એમની સામે તો હું કશું જ નથી. મને એમના પ્રત્યે અપાર સન્માન છે એટલે મને નથી લાગતું કે આ કામ માટે હું યોગ્ય કલાકાર હોય.''પંકજ ત્રિપાઠીની લોકપ્રિય વેબ સિરીઝ 'ક્રિમિનલ જસ્ટિસ'ની નવી સીઝન આવી રહી છે, સુનીલ શેટ્ટીએ એવું પણ કબૂલ્યું કે તેઓ હેરાફેરી સાથે આવારા પાગલ દિવાના અને વેલકમના બીજા ભાગ પર પણ ચર્ચા કરતા હતા જેમાં તે વકીલ માધવ મિશ્રાનો રોલ કરે છે, આ ઉપરાંત તેમના 'ફુકરે', 'બરેલી કી બર્ફી', 'સ્ત્રી' જેવી ફિલ્મનું કોમિક ટાઈમિંગ પણ લોકપ્રિય થયું છે. લોકો ભલે માગણી કરતા હોય પરંતુ તેમના માટે બાબુરાવનો રોલ કરવો પડકારજનક છે. પરેશ રાવલ આ પહેલાંની બંને હેરાફેરી ફિલ્મમાં બાબુરાવનો રોલ કરતા હતા. તેમણે નિવેદન આપ્યું હતું કે હવે કેરિઅરના આ પડાવ પર તેમને એ રોલ કરવો યોગ્ય લાગતો નથી. એવા ઘણા અહેવાલો હતા કે સર્જનાત્મક વિવાદને કારણે તેણે ફિલ્મ છોડી છતાં ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન અને પરેશ રાવલ બંને આ વાતથી ઈનકાર કરે છે.આ અંગે સુનિલ શેટ્ટીએ પણ તાજેતરના ઈન્ટરવ્યુમાં આશ્ચર્ય વ્યક્ત કરીને કહ્યું કે,''તમારા બધાની જેમ જ હું પણ ચકિત છું. મેં તેમની સાથે એક સેકન્ડ માટે જ વાત કરી અને તેમને મળવા માટે કહ્યું છે.હજુ સુધી અમે મળીને વાત કરી શક્યા નથી. પરેશ રાવલે 'હેરાફેરી ૩' છોડતાં પંકજ ત્રિપાઠી બાબુરાવ બનશે એવી ચર્ચા હતી, બાકી, પરેશજી એવા વ્યક્તિ નથી. એમણે જાહેર મંચ પર આવી જાહેરાત કરી ન હોત. જ્યારે હેરાફેરીની વાત આવે ત્યારે, હું, અક્ષય અને પરેશજી એકસાથે છીએ. એ ઘણા ઉત્સાહમાં હતા.''સુનીલ શેટ્ટીએ એવું પણ કબૂલ્યું કે તેઓ હેરાફેરી સાથે આવારા પાગલ દિવાના અને વેલકમના બીજા ભાગ પર પણ ચર્ચા કરતા હતા.



### પરેશ રાવલે 'હેરાફેરી ૩' ફિલ્મ છોડતાં પંકજ ત્રિપાઠી બાબુરાવ બનશે એવી ચર્ચા હતી

# આજે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રૂા.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે

## વડાપ્રધાનશ્રીના હસ્તે રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજીત રૂ. ૬૭૨ કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે

। (માહિતી) ગાંધીનગર, તા.૨૬ ।
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બે દિવસીય ગુજરાતની મુલાકાતે છે. વડાપ્રધાનશ્રીના હસ્તે રાજ્યના નાગરિકોને વિવિધ વિકાસકાર્યોની ભેટ મળનાર છે.

આવતી કાલે ૨૭મી મેના રોજ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં વિવિધ વિભાગો હેઠળ રૂા.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવશે.

જેમાં વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીમાં વધારો કરતા અંદાજીત રૂ. ૬૭૨ કરોડના મહત્વના બે પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ- ખાતમુહૂર્ત કરાશે.

યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર , ગાંધીનગર ખાતે (કાર્ડિયાક અને ન્યુરો કેર) સેટેલાઈટ સેન્ટરનું ઈ-લોકાર્પણ

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રૂ. ૮૪ કરોડના ખર્ચે નિર્માણ કરેલ યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના સેટેલાઈટ સેન્ટરનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

હાલ આ સેટેલાઈટ સેન્ટર ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અંદર સ્થિત છે અને હાલની ૬૦૦ બેડની નિર્માણાધીન હોસ્પિટલના ગ્રાઈન્ડથી ત્રીજા માળ સુધી રહશે. કુલ ૯૬ બેડથી સજ્જ આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર, તબીબી ઉપકરણો, બે સંપૂર્ણ હાઈ-એન્ડ મોડ્યુલર ઓપરેશન થિયેટર, એક અત્યાધુનિક કેથલેબ, ૪૧ આઈ.સી.યુ. / ક્રિટીકલ કેર બેડ, ૧૯ સ્ટેપ-ડાઉન આઈ.સી.યુ., જનરલ વોર્ડ, OPD વિભાગ, ઈન-હાઉસ ડાયગ્નોસ્ટિક્સ, ઈમરજન્સી વિભાગ અને એક્ઝિક્યુટિવ હેલ્થ ચેક-અપ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ગાંધીનગર ખાતે આ સેટેલાઈટ સેન્ટર કાર્યરત બનતા ગાંધીનગર સહિત નજીકના વિસ્તારોના દર્દીઓને પણ લાભ થશે. આવનાર સમયમાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ,સુરત અને ભાવનગર ખાતે પણ યુ.એન.મહેતા કાર્ડિયાક સેન્ટ-રના સેટેલાઈટ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૪ માં કુલ 3,63,315 OPD અને ૫૦ હજાર થી વધુ IPD દર્દીઓની સારવાર કરવામાં આવી છે. જેમાં 22,630 OPD અને 3,175 IPD કેસ ગાંધીનગર જિલ્લાના હતા. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૧૮૦૦ બેડની હોસ્પિટલનું વડ-પ્રધાનશ્રીના હસ્તે ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

જેમાં ૧૩૦૦ બેડની જનરલ હોસ્પિટલ અને ૫૦૦ બેડની ચેપી રોગની હોસ્પિટલ મળીને કુલ ૧૮૦૦ બેડની હોસ્પિટલ નિર્માણ પામશે.

૧.૬૦ લાખ ચો.મી.માં નિર્માણ પામનાર ૧૧ માળની આ હોસ્પિટલમાં બેઝમેન્ટ ૧ અને ૨ માં ૬૨૫ ફોર વ્હીલર તથા ૧૦૦૦ ટુ વ્હીલર પાર્કીંગ વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. આ હોસ્પિટલમાં ઓર્થોપેડીક, પેઈન ક્લિનિક, મેડીસીન, ન્યુરો, સર્જરી, સ્કીન, ઈ.એન.ટી., સુપર સ્પેશીયાલીટી, હોમીયોપેથીક ઓપીડી, સાઈકિયાટ્રીક, બર્ન્સ વિભાગનો સમાવેશ કરવામાં આવશે.

આ બિલ્ડીંગમાં કોરોના મહામારી દરમ્યાન ઉદભવેલ પરિસ્થિતને ધ્યાનમાં રાખીને ચેપી રોગના સારવાર માટેની અલાયદી સુવિદ્યા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

૧૪ અદ્યતન ઓપરેશન થીયેટર જેમાં ઓ.ટી. પેન્ડન્ટ, લેમીનાર એર ફ્લો, ઓ.ટી. લાઈટ, કન્ટ્રોલ પેનલ, સ્ક્રબ, હેચ બોક્ષ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.

સિવિલ હોસ્પિટલમાં દવાઓની આયોજનબધ્ધ અને ઝડપી વહેંચણી કરી શકાય તે હેતુથી સેન્ટ્રલ ડ્રગ સ્ટોર બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

આમ કુલ 300 I.C.U. બેડની સુવિદ્યા, ૦૩ વી.આઈ.પી. રૂમ, ૫૦ સ્પેશીયલ રૂમ તથા ૬૦ આઈસોલેશન બેડ સાથે અન્ય જનરલ બેડ અને ૫૦૦ ચેપી રોગના બેડ મળીને કુલ ૧૮૦૦ બેડની હોસ્પિટલની સુવિદ્યા ઉપલબ્ધ કરવાનું આયોજન છે. તદ્ઉપરાંત ૧૪ અધ્યતન ઓપ રેશન થીયેટર ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

આ હોસ્પિટલ નિર્માણ પામતા સિવિલ મેડિસીટી કેમ્પ સમાં સિવિલ હોસ્પિટલની કામગીરી વધું સક્ષમ બનશે.

દર્દીઓ,તબીબી સાધનો અને સ્ટાફને વધું કાર્યક્ષમ કરી શકાય અને દર્દીઓને ત્વરીત અને સુગમ સુવિદ્યા ઉપલબ્ધ થાય તે માટે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નવીન હોસ્પિટલનું બાંધકામ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

અત્રે નોંધનીય છે કે, અમદાવાદ શહેરની વર્તમાન અંદાજિત વસ્તી ૮૦ લાખ છે જે સમય જતાં વધવાની ધારણા છે. વર્તમાન પરિસ્થિતિમાં જનરલ હોસ્પિટલની વાર્ષિક ઓ.પી.ડી આશરે ૧૨ લાખ તથા આઈ.પી.ડી ૦૧ લાખની આસપાસ રહે છે જે સમયની સાથે વધશે. જેને ધ્યાનમાં રાખીને નિર્માણ પામનાર આ હોસ્પિટલ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

# વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં બાળકોને મેદસ્વિતાથી જાગૃત કરવા માટે ૧૫ દિવસીય સમર કેમ્પ યોજાયો

## બાળકોને યોગ અને પ્રાણાયામનું મહત્વ સમજાવી પૌષ્ટિક આહાર લેવા માટે પણ સમજ આપવામાં આવી

। (માહિતી) વલસાડ, તા.૨૬ ।
"મન કી બાત" કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મેદસ્વિતા ઘટાડવા ઉપર ભાર મુકી તંદુરસ્ત જીવન જીવવા માટે આહવાન કરાયું હતું. જે અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની શરૂઆત કરાવતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વલસાડ જિલ્લાના છેવાડામાં પણ આ અભિયાન સાર્થક થાય તે માટે કપરાડા તાલુકાના દિનબારી ફળિયામાં પ્રથમ વખત ૧૫ દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને મેદસ્વિતાથી થતા નુકસાન અને યોગ –પ્રાણાયામથી થતા ફાયદા તેમજ તેઓમાં સંસ્કારનું સિંચન થાય તે હેતુથી માતૃ- પિતૃ વંદન કાર્યક્રમ પણ યોજાયો હતો.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળકોમાં અનુશાસન, સંસ્કાર સિંચન અને સ્વાસ્થ્ય વર્ધન થાય તેમજ જંકફૂડ અને પેકેટ ફૂડ આહારના બદલે પૌષ્ટિક આહાર લઈ શકે તે માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ વખત ૧૦ દિવસના બદલે ૧૫ દિવસનું સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં પાંચ સમર કેમ્પ ચાલી રહ્યા છે. જેમાં ૫ થી ૧૬ વર્ષના બાળકો ભાગ લઈ રહ્યા છે. બાળકોને ઉપયોગી તેવા યોગ આસનો, પ્રાર્થના, ગીતાના શ્લોકો તેમજ અન્ય વિષય સાથેનો સિલેબસ તૈયાર કરવામાં આવ્યો છે, જે સમગ્ર રાજ્યમાં એક જ છે.

### રક્તદાન કેમ્પ મા ૯ મહિલાઓ એ રક્તદાન કર્યું

# દેવગઢ બારીઆ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ અને સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો



। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૬ ।
પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર મા એકતા નર્સિંગ હોમ તથા માય બ્લડ બેંક દાહોદ ના માધ્યમ થી સર્વરોગ નિદાન કેમ્પ તથા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ ન્યુ લાઈફ લેબોરેટરી ના સહયોગ થી યોજવા માં આવેલ મફત સર્વરોગ નિદાન કેમ્પ માં બ્લડ સુગર બ્લડ ગ્રુપ તથા બ્લડ પ્રેશર ના ૮૨ જેટલા દર્દીઓએ ચેકઅપ કરાવવા માટે નો આ કેમ્પ લાભ લીધેલ હતો તથા બ્લડ કેમ્પ નવ ૯ મહિલાઓ દ્વારા રક્તદાન કરવા મા આવ્યું હતું જેમાં ઉપસ્થિત ડો.મોઈન કાઝી, ડો. રિંકુ રાઠવા, ડો.અશોક જોહરી અને મુસ્લિમ સમાજ ના આગેવાનો હાજર રહ્યા હતા.

# ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ ચોર્યાસીના ભાટપોરથી સિટી બસ સેવાને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું



। (માહિતી) સુરત, તા.૨૬ ।
કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ અડાજણથી ભાટપોર સુધી સિટી બસસેવાનું જોડાણ થતા ઓરો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ભાટપોરના ગ્રામજનો તેમજ ભાટપોર GIDC ની વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા શ્રમિકો, કર્મચારીઓને જાહેર પરિવહન સેવાનો લાભ મળશે અને તેઓને અડાજણની સીધી કનેક્ટિવિટી મળી રહેશે.

આ બસસેવાને ભાટપોર ગામ ખાતે ધારાસભ્ય સંદિપ ભાઈ દેસાઈએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મનપાની જાહેર પરિવહન સમિતિના ચેરમેન સોમનાથભાઈ મરાઠે, વાઈસ ચેરમેન નીલેશભાઈ પટેલ, દંડક શ્રી ધર્મેશભાઈ વાણિયાવાલા, કોર્પોરેટર શ્રીમતી ઉર્વશીબેન પટેલ, શ્રીમતી દિવ્યાબેન રાઠોડ, સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા ખાતે "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપ મેન્ટ" અંતર્ગત તાલીમનું આયોજન કરાયુ



। (માહિતી) સાબરકાંઠા, તા.૨૬ ।
સાબરકાંઠાના ખેડબ્રહ્મા મેઘદર્શન સોસાયટી ખાતે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ" અંતર્ગત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા નગર પાલીકા વિસ્તારમાંથી ૫૬ જેટલા તાલીમાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ તાલીમમાં બાગાયત અધિકારીશ્રી વી.જે. ચૌધરી દ્વારા બાગાયત ખાતાના "ગ્રો મોર ફ્રૂટ ક્રોપ" અભિયાન વિષે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ મદદનીશ બાગાયત નિયામકશ્રી જે.એમ. પટેલ દ્વારા અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ તથા કિચન ગાર્ડનનું મહત્વ અને તેના ફાયદા, ઘર આંગણે કિચન ગાર્ડનમાં ઉગાડી શકાય તેવા વિવિધ પાકો, તેમાં ઉપયોગી વિવિધ મીડિયા તથા સાધનો વિષે ખુબ જ વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. બાગાયત મદદનીશશ્રી એન.આર. પટેલ દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ ,ફળ અને શાકભાજીની વિવિધ મુલ્યવર્ધન બનાવટો વિષે માહીતી આપવામાં આવી હતી. તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોસ્તાહિત કરવામાં આવ્યા હતા.

# યોગીચોકથી કારગીલ ચોક સુધી 'ભારત માતા કી જય'ના નારાથી તિરંગા યાત્રા ગુંજી ઉઠી

## ભારતીય સેનાના સન્માનમાં યોગીચોક-કિરણચોક-કારગીલ ચોક સુધી આયોજિત 'તિરંગા યાત્રા'ને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ફ્લેગ ઓફ કરાવ્યું



। (માહિતી) સુરત, તા.૨૬ ।
જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા સુરતના યોગીચોકથી કારગીલ ચોક સુધીની તિરંગા યાત્રા યોજાઈ હતી. ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને કામરેજ ધારાસભ્ય અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

ભારતીય સેનાએ મા ભારતીને તથા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં તિરંગા યાત્રામાં પુરૂષો સિંદૂર તિલક કરી અને મહિલાઓ લાલ સાડી સાથે સેંથામાં સિંદૂર પૂરી જોડાયા હતા. મોટી સંખ્યામાં લોકોએ યાત્રામાં જોડાઈને 'ભારત માતા કી જય અને વંદે માતરમ્'ના જયઘોષ સાથે ભારતીય સૈનિકોના અભૂતપૂર્વ પરાક્રમને બિરદાવ્યું હતું. શાળાના બાળકો ભારત માતા, વીર સૈનિકોના વસ્ત્રો ધારણ કરી જોડાયા હતા. યાત્રાના રૂટમાં રોડની બંને તરફ રાષ્ટ્રભક્તિના ગીતો અને રાષ્ટ્રભાવના વ્યક્ત કરતા નારાઓ સાથે લોકોએ હાથમાં તિરંગો લઈ યાત્રાને આવકારી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ અદ્ભૂત શૌર્યના દર્શન કરાવ્યા છે અને પહલગામ આંતકી હુમલાનો વટભેર બદલો લીધો છે. દેશની ઉપર કોઈ પણ આપત્તિનો સામનો કરવા તેમજ આતંકીઓને પાળનાર પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓને ખાત્મો કરવા સક્ષમ છે. બહેનોના માથેથી સિંદૂર ઉજાડનાર આતંકીઓના બર્બર કૃત્યનો બદલો લેવાનું વડાપ્રધાનશ્રીએ દેશને આપેલુ વચન ભારતીય સેનાએ શૌર્ય અને વીરતા સાથે પૂર્ણ કર્યું છે, આતંકવાદીઓને પાળીપોષી રહેલા પાકિસ્તાન પર પ્રહાર કરીને ભારતીય સેનાએ પોતાની અમાપ શક્તિ અને સામર્થ્યનો દુનિયાને પરિચય કરાવ્યો છે. આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણી, શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ સહિત સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, વોર્ડના સભ્યો, સંગઠન કાર્યકર્તાઓ અને દેશપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# હીરા ઉદ્યોગના એકમો અને રત્ન કલાકારો માટે ખાસ સહાય પેકેજ જાહેર કરતી રાજ્ય સરકાર

## રાજ્યમાં હીરા ઉદ્યોગના કલાકારો અને એકમોને આર્થિક રાહત પૂરી પાડવા અને ઉદ્યોગની સ્થિરતા જાળવવા માટે આ સહાય પેકેજ મહત્વનું પગલું: ગૃહ, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



। (માહિતી) સુરત, તા.૨૬ ।
આંતરરાષ્ટ્રીય સ્તરે હીરા ઉદ્યોગમાં પ્રવર્તતી વિષમ પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત રત્નકલાકારો અને સૂક્ષ્મ એકમોને રાહત આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે વિશેષ સહાય પેકેજ જાહેર કર્યું છે. સુરત સરકીટ હાઉસ ખાતે ગૃહ, ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આર્થિક પેકેજની જાહેરાત કરતા જણાવ્યું હતુ કે, આ સહાય પેકેજ રાજ્યના હીરા ઉદ્યોગના કલાકારો અને એકમોને આર્થિક રાહત પૂરી પાડવા અને ઉદ્યોગની સ્થિરતા જાળવવા માટે મહત્વનું પગલું છે. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, સાંસદ મુકેશ દલાલની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ મીડિયા પ્રતિનિધિઓને સંબોધતા ઉમેર્યુ કે, અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકોને અભ્યાસમાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે અને તેમના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખાસ શાળા ફી સહાય આપવા નિર્ણય લેવાયો છે. જેમાં બાળકોની શાળાની ફીના ૧૦૦% લેખે, બાળક દીઠ મહત્તમ રૂ. ૧૩,૫૦૦ની મર્યાદામાં એક વર્ષ માટે ફી ચૂકવણી કરવામાં આવશે. જે સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા શાળાઓને શિક્ષણ વિભાગની પદ્ધતિ મુજબ ચૂકવાશે. સહાય માટે પાત્રતાના ધોરણો નિયત કરવામાં આવ્યા છે, જે અંતર્ગત તા. ૩૧મી માર્ચ-૨૦૨૪ બાદ રોજગાર ગુમાવનાર રત્ન કલાકારને સહાય મળવા પાત્ર રહેશે. તે ઉપરાંત રત્નકલાકારની ઉંમર ૨૧ વર્ષથી વધુ, ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી હીરા ઉદ્યોગના કારખાનામાં કામગીરી કરેલી હોય તેમજ હાલમાં હીરા ઉદ્યોગમાં રોજગારીથી વંચિત હશે તેને સહાય મળવાપાત્ર રહેશે. તે માટે આ પેકેજની જાહેરાતથી ૨ માસની અંદર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે. જેમાં જિલ્લા શ્રમ અધિકારી/ રોજગાર અધિકારીનું પ્રમાણપત્ર અથવા ડાયમંડ એસોસિએશનનો ભલામણપત્ર તેમજ બાળકોની શાળાની ફી અંગેનું શાળાનું પ્રમાણપત્ર આધાર-પૂરાવા તરીકે જોડવાનું રહેશે. તેવી જ રીતે હીરા ઉદ્યોગના એકમો માટે સહાયની જાહેરાત કરતા મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, એકમોની સ્થિરતા માટે ખાસ સહાય નિયત કરવામાં આવી છે. જેમાં એકમોને ટર્મ લોનની મહત્તમ રૂ. ૫ લાખની મૂડી ઉપર ૯ ટકાના દરે ત્રણ વર્ષ (૦૧/૦૭/૨૦૨૫થી ૩૦/૦૬/૨૦૨૮) સુધી વ્યાજ સહાય આપવામાં આવશે. એટલુ જ નહિ, તેમને ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં પણ તા.૦૧/૦૭/૨૦૨૫થી એક વર્ષ માટે મુક્તિ આપવા નિર્ણય લેવામાં આવ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લઈ શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. કેટલાક માટે વ્યાવસાયિક ચડતી છે. આધ્યાત્મિક ગુરૂ અથવા કોઈક વડીલ તમને માર્ગદર્શન પૂરું પાડશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વ પૂર્ણ પગલાં લઈ શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં, જેના કારણે તમે પરેશાન થશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વધી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે. તમારો મૂલ્યવાન સમય ફરીથી જીવો તથા તમારી મીઠી યાદોને યાદ કરી ખુશખુશાલ સોનેરી દિવસો પાછા મેળવો.

**તુલા (ર,ત) :**
તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. આજે તમારૂં વલણ તમારા ધ્યેયો તમે સામાન્યપણે રાખો છો એના કરતાં ઊંચા રાખવા પ્રત્યેનું રહેશે-પરિણામ જો તમારી ધારણા પ્રમાણેનું ન આવે તો નિરાશ ન થતાં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે. થોડીવાર માટે તમને લાગશે કે તમે એકલા છો-તમારા સહકર્મચારી-સાથી કદાચ તમારી મદદે આવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**મકર (ખ,જ) :**
આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે. સંબંધીઓ સહકાર આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમને તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.





ગુજરાતના દાહોદ ખાતે ભારતીય રેલવેના લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાટની મુલાકાત લેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

### મુંબઈમાં ભારે વરસાદ

# એર ઈન્ડિયાએ મુસાફરો માટે જારી કરી એડવાઈજરી

## એયર ઈન્ડિયાએ જણાવ્યું કે મુંબઈમાં વરસાદ અને વાવાઝોડાને કારણે વિમાન સંચાલન પ્રભાવિત થઈ રહ્યું છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મુંબઈમાં ભારે વરસાદ અને તીવ્ર પવનને પગલે સામાન્ય જનજીવન ખોરાવાયું છે, એવા સમયે રેલવે, માર્ગની સાથે હવાઈ મુસાફરી Air India issues advisory ઉપર પણ અસર પડી છે. મુંબઈના ઉપનગરીય વિસ્તારોમાં અવરનવર સતત વરસાદ થઈ રહ્યો છે.

હવામાન વિભાગે પણ મુંબઈમાં મૂસળધાર વરસાદની ચેતવણી જાહેર કરી છે. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે દશ્યતા ઘણી ઓછી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં આ વરસાદની અસર ટ્રાફિક પર પણ પડી છે. વિમાન સંચાલન પ્રભાવિત થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં વિમાનન કંપની એયર ઈન્ડિયાએ મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી, મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા ભારે વરસાદને લઈને જાહેર કરાયેલી એડવાઈઝરીમાં એયર ઈન્ડિયાએ જણાવ્યું- ''મુંબઈમાં વરસાદ અને વાવાઝોડાને કારણે વિમાન સંચાલન પ્રભાવિત થઈ રહ્યું





છે. મુસાફરીને સરળ બનાવવા માટે, અમે અમારા મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફલાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપીએ છીએ.'' મુંબઈમાં ભારે વરસાદનો કહેર ચાલુ છે. સવારે ૯ થી ૧૦ વાગ્યાની વચ્ચે ફક્ત એક કલાકમાં સૌથી વધુ વરસાદ નરીમન પોઈન્ટ ફાયર સ્ટેશનમાં નોંધાયો, જ્યાં ૧૦૪ મિમી વરસાદ રેકોર્ડ થયો. આ ઉપરાંત, એ વોર્ડ ઓફિસમાં ૮૬ મિમી, કોલાબા પંપિંગ સ્ટેશનમાં ૮૩ મિમી અને મ્યુનિસિપલ હેડ ઓફિસમાં ૮૦ મિમી વરસાદ નોંધાયો. કોલાબા ફાયર સ્ટેશનમાં ૭૭ મિમી, ગ્રાન્ટ રોડ આઈ હોસ્પિટલમાં ૬૭ મિમી, મેમનવાડા ફાયર સ્ટેશનમાં ૬૫ મિમી, માલાબાર હિલમાં ૬૩ મિમી અને ડી વોર્ડમાં ૬૧ મિમી વરસાદ માપવામાં આવ્યો. પૂર્વીય ઉપનગરોની વાત કરીએ તો, ત્યાં તુલનાત્મક રીતે ઓછો વરસાદ થયો છે. માનખુર્દ ફાયર સ્ટેશન અને એમપીએસ સ્કૂલ માનખુર્દમાં માત્ર ૧૬ મિમી, નૂતન વિદ્યાલય મંડળમાં ૧૪ મિમી અને કલેક્ટર કોલોનીમાં ૧૩ મિમી વરસાદ નોંધાયો. પશ્ચિમી ઉપનગરોમાં બાંદ્રા સુપારી ટેંક, ગજદરબંધ પંપિંગ સ્ટેશન અને ખાર દાંડામાં ૨૯ મિમી, જ્યારે સ્વચ્છતા વિભાગ વર્કશોપ, એચઈ વોર્ડ ઓફિસ અને વિલે પાર્લે ફાયર સ્ટેશનમાં ૨૨ મિમી વરસાદ થયો. પાણી ભરાવાના મુખ્ય સ્થળોમાં શક્કર પંચાયત, સાયન સર્કલ, દાદર ટીટી, હિંદમાતા, જેજે મડાવી પોસ્ટ ઓફિસ, કુર્ણે ચોક, બિંદુમાધવ જંક્શન (વર્લી) અને માચરજી જોશી માર્ગ (ફાઈવ ગાર્ડન) નો સમાવેશ થાય છે. તેજ પવનો અને વરસાદને કારણે ઝાડ અને ડાળીઓ ખરી પડવાની ઘટનાઓ પણ સામે આવી છે. શહેરમાં ૪ સ્થળોએ અને પશ્ચિમી ઉપનગરોમાં ૫ સ્થળોએ ઝાડ ખરી પડવાની માહિતી બીએમસીને મળી છે.

### જાપાનમાં પ્રતિનિમંડળે આતંક સામે દ્રઢ સંકલ્પ પર ભાર મૂક્યો

# ભારતનો નવો નિયમ, આતંકીઓને ભારે કિંમત ચુકવવી પડશે : શશિ થરૂર

## પાકિસ્તાનનો આતંકી ચહેરો ખુલ્લો પાડવા વિવિધ દેશોની મુલાકાતે ગયેલા પ્રતિનિધિમંડળોએ ભારતનો પક્ષ રજૂ કર્યો

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૬ ।

ન્યૂયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે આયોજિત કરેલા એક વાર્તાલાપમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના અધ્યક્ષ શશિ થરૂરે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે પહેલગામ હુમલા પછી ભારતે નવો નિયમ બનાવ્યો છે કે પાકિસ્તાનમાં બેઠેલા કોઈપણ વ્યક્તિ સરહદ પાર કરી ભારતીય નાગરિકોને હત્યા કરી શકશે નહીં. આવા આતંકીઓએ અને તેમના સમર્થકોએ તેની ભારે કિંમત ચુકવવી પડશે. અમે ફક્ત આતંકવાદીઓને સંદેશ મોકલી રહ્યા છે, તમે શરૂઆત કરશો તો અમે વળતો જવાબ આપીશું. ભારતને સ્વ-બચાવનો અધિકાર છે અને ભારતે તે અધિકારનો ઉપયોગ કર્યો છે. ભારતે બેજવાબદારીથી કામ કર્યું નથી ખરેખર આ જ સંદેશ હું આજે તમને બધાને આપવા માંગતો હતો. દક્ષિણ કોરિયામાં ઈન્ડિયન ડાયસ્પોરા



સાથે મુલાકાતઃ રાજ્યસભાના સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વ હેઠળનું સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળ સાઉથ કોરિયામાં સિઓલમાં ઈન્ડિયન ડાયસ્પોરાના સભ્યોને મળ્યું હતું તથા તેમને ઓપરેશન સિંદૂર અંગેની માહિતી આપી હતી. બહેરીનમાં આતંકવાદ સામે ભારતનો મેસેજઃ ભાજપના સાંસદ બૈજયંત જય પાંડાના નેતૃત્વમાં એક સર્વ પક્ષીય પ્રતિનિધિમંડળે બહેરીનના શૂરા કાઉન્સિલના અધ્યક્ષ અલી બિન સાલેહ અલ સાલેહ સાથે મુલાકાત કરી હતી અને આતંકવાદ સામે ભારતની કડક કાર્યવાહીનો પુનરુચ્ચાર કર્યો હતો. સંસદસભ્યોએ બહેરીનના નાયબ વડા પ્રધાન શેખ ખાલિદ બિન અબ્દુલ્લા અલ ખલીફાને પણ મળ્યાં હતાં અને સરહદ પારની આતંકવાદી પ્રવૃત્તિઓ સામે ભારતના મજબૂત સંકલ્પ પર ભાર મૂક્યો હતો. જાપાનમાં પ્રતિનિમંડળે આતંક સામે દ્રઢ સંકલ્પ પર ભાર મૂક્યોઃ જાપાનની મુલાકાતે ગયેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના સભ્ય અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીએ જણાવ્યું હતું કે જાપાનમાં પ્રતિનિમંડળનો સંપર્ક અર્થપૂર્ણ હતો. ભારતીય સાંસદોએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતની હિંમત અને સ્પષ્ટતાનો સંદેશ આપ્યો હતો.આતંક સામેની લડાઈમાં કતારની શૂરા કાઉન્સિલનું સમર્થનઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ રવિવારે દોહામાં કતારની શૂરા કાઉન્સિલને મળ્યું હતું.

### જુગારના તત્વ વગર પત્તાની રમત ગરીબોનો મનોરંજનના સ્ત્રોત છે

# મનોરંજન માટે પાનાં રમવામાં કોઇ નૈતિક પતન નથી : સુપ્રીમ કોર્ટ

## હનુમાનથરાયપ્પા કોઈ રીઢો જુગારી નથી તેવું નોંધીને ખંડપીઠે જણાવ્યું હતું કે પત્તા રમવાની ઘણી રીતો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કર્ણાટકની એક સહકારી મંડળીના સભ્યની ચૂંટણીને બહાલ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સટ્ટાબાજી અને જુગારના તત્વ વગર મનોરંજન માટે પત્તા રમવામાં કોઈ નૈતિક પતન નથી. દેશના મોટાભાગના વિસ્તારોમાં જુગાર અથવા સટ્ટાબાજીના તત્વ વગર પત્તાની રમતને ગરીબ માણસના મનોરંજનના સ્ત્રોત તરીકે સ્વીકારવામાં આવે છે.ન્યાયાધીશ સૂર્યકાંત અને એન કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે નોંધ્યું હતું કે સરકારી પોર્સેલેન ફેક્ટરી એમ્પ્લોયીઝ હાઉસિંગ કો-ઓપરેટિવ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ચૂંટાયેલા હનુમાન થરાયપ્પા વાય સીને રસ્તા પર પત્તા રમતા પકડાયાં હતાં અને કોઈ પણ કેસ ચલાવ્યા વગર રૂ.૨૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.ખંડપીઠે જણાવ્યું હતું કે



અરજકર્તાની આ ગેરવર્તણૂકને નૈતિક પતન માનવાનું મુશ્કેલ લાગે છે. એ વાત જાણીતી છે કે નૈતિક અધોગતિ શબ્દનો ઉપયોગ કાનૂની અને સામાજિક ભાષામાં એવા વર્તનનું વર્ણન કરવા માટે થાય છે, જે સ્વાભાવિક રીતે જ નીચ, અધમ, દુરાચાર હોય અથવા દુરાચાર સાથે કોઈ સંબંધ હોય. કોઈ વાંધો ઉઠાવી શકે તેવી દરેક ક્રિયા હંમેશા નૈતિક પતન ગણવામાં આવે તે જરૂરી નથી. હનુમાનથરાયપ્પા કોઈ રીઢો જુગારી નથી તેવું નોંધીને ખંડપીઠે જણાવ્યું હતું કે પત્તા રમવાની ઘણી રીતો છે.

### મહિલાના પ્રાઇવેટ પાર્ટમાં રોડ નાખ્યોઃ બે આરોપીની ધરપકડ

# મ.પ્ર.માં આદિવાસી મહિલા સાથે ગેંગરેપ પછી ક્રૂરતા આચરતાં મોત

## મૃતક મહિલા બે બાળકોની માતા હતી, સામૂહિક બળાત્કાર પછી આરોપી પીડિતાને લોહીલુહાણ હાલતમાં છોડીને ભાગી ગયા હતા

।(એજન્સી) ખંડવા (મધ્યપ્રદેશ), તા.૨૬।

મધ્યપ્રદેશના ખંડવા જિલ્લાના એક ગામમાં આદિવાસી સમુદાયની એક મહિલાની સાથે સામુહિક બળાત્કારની અમાનવીય ઘટના બની છે. એટલું જ નહીં, બળાત્કારીઓએ તમામ મર્યાદા નેવે મૂકીને પીડિત મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં લોખંડ રોડ અને લાકડી નાંખીને ગર્ભાશય બહાર કાઢી દીધું હતું. આ હૃદય કંપાવી નાંખનારી ઘટનામાં પીડિત મહિલાનું મોત થયું છે. આ મામલામાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતક મહિલા બે બાળકોની માતા હતી. સામૂહિક બળાત્કાર પછી આરોપી પીડિતાને લોહીલુહાણ હાલતમાં છોડીને ભાગી ગયા હતા. મહિલા જમીન પર તરફડતી રહી, અને સારવાર નહીં મળવાને કારણે મહિલાએ અંતિમ શ્વાસ લીધા હતા. આ



ઘટના ખાલવા ક્ષેત્ર અંતર્ગતના રોશની પોલીસ ચોકી ક્ષેત્રમાં શનિવારે બપોરે એક કલાકની આસપાસ બની હતી. આ મામલામાં પોલીસે મહિલાના બે પરિચિત વ્યક્તિ - હરિ પાલવી અને સુનીલ ધુર્વેની ધરપકડ કરી છે. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે બળાત્કારીઓએ પીડિતાની સાથે બર્બરતાની તમામ હદો પાર કરી દીધી હતી. આ દરમિયાન, ગ્રામીણ લોકોની સૂચનાના આધાર પર પોલીસે બે પરિચિત લોકોની ધરપકડ કરી હતી, જેમણે સામુહિક બળાત્કાર કર્યા હોવાની આશંકા હતી.

### મરજીથી પ્રેમમાં પડતાં

# સગીરોને પોક્સોની સજાથી બચાવવા કેન્દ્ર સરકાર કંઈક કરે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સગીરો વચ્ચેના સંમતિના રોમેન્ટિક સંબંધોમાં પોક્સો કાયદા હેઠળ ગુનાહિત કાર્યવાહી હટાવવા અંગે વિચારવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે. સુપ્રીમે કહ્યું હતું કે આ પ્રકારના મામલાઓમાં સગીરોને પોક્સોના કડક કાયદા હેઠળ જેલ જતા અટકાવવા માટે આ દિશામાં સરકારે વિચારવું જોઈએ. સાથે જ સુપ્રીમે કેન્દ્ર સરકારને વિદ્યાર્થીઓમાં સેક્સ એજ્યુકેશન અને રિપ્રોડક્ટિવ સ્વાસ્થ્ય શિક્ષણની દિશામાં એક નીતિ તૈયાર કરવા પણ કહ્યું છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઉજ્જવલ ભુયાનની બેંચે કેન્દ્ર સરકારને નોટિસ પણ પાઠવી હતી અને મહિલા-બાળ વિકાસ વિભાગને આ મુદ્દે અભ્યાસ કરવા માટે નિષ્ણાતોની એક પેનલ રચવા પણ કહ્યું હતું. આ અંગે ૨૫મી જુલાઈ સુધી રિપોર્ટ જમા કરવા પણ કહ્યું હતું, જે બાદ હવે આ મામલે સુપ્રીમ કોર્ટ વધુ સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટમાં કલકત્તા હાઈકોર્ટના એક ચુકાદામાં કરાયેલા વાંધાજનક અવલોકનની સુઓમોટો સુનાવણી ચાલી રહી છે. આ ચુકાદામાં જજે મહિલાને શારીરિક ઈચ્છાને કાબુમાં રાખવાની સલાહ આપી હતી. આ સલાહને સુપ્રીમે વાંધાજનક ગણાવી હતી. જ્યારે પોક્સો કાયદા અંગે કેન્દ્ર સરકારને સલાહ આપતા સુપ્રીમે કહ્યું હતું કે યુવા વયના યુગલો પ્રેમ સંબંધમાં બંધાય છે તેમની સામે પોક્સો કાયદા હેઠળ ગુનાહિત કાર્યવાહી કરવાનું ટાળવું જોઈએ, કેમ કે આ કાયદો એવી રીતે તૈયાર કરાયો છે કે જેથી તે સગીરોને શોષણથી બચાવી શકાય. પશ્ચિમ બંગાળમાં પોક્સોનો એક વિચિત્ર કેસ સામે આવ્યો હતો, એક સગીરાએ ઘરેથી ભાગીને એક પુખ્ત વયના પુરુષ સાથે લગ્ન કરી લીધા હતા, બાદમાં સગીરાના માતા પિતાએ પુરુષ સામે પોક્સોની ફરિયાદ કરી હતી, જેમાં કોર્ટે તેને ૨૦ વર્ષની સજા ફટકારી હતી, જોકે બાદમાં કલકત્તા હાઈકોર્ટે તેને છોડી મુક્યો હતો. જોકે છોડતી વખતે હાઈકોર્ટે એવુ અવલોકન કર્યુ જેના પર સુપ્રીમનું ધ્યાન ગયું, ચુકાદો આપનાર જજે મહિલાને શારીરિક ઈચ્છાને કાબુમાં રાખવાની સલાહ આપી હતી. આ મામલાની સુપ્રીમે સુઓમોટો નોંધ લીધી હતી, તેની સુનાવણી દરમિયાન સુપ્રીમે કહ્યું હતું કે આ મામલામાં મહિલાને નથી લાગી રહ્યું કે તેની સાથે અત્યાચાર થયો છે. હાલ પીડિતા આરોપીની પત્ની છે અને પોતાના પતિને છોડાવવા માટે મહેનત કરી રહી છે.

# દેશમાં કોરોનાની વાપસી! કુલ ૧૬ રાજ્યોમાં ફેલાયો નવો વેરિએન્ટ

## ભારતમાં કોરોના વાયરસના કેસ વધારો : સૌથી વધુ કેસ કેરલમાં આવ્યા : દિલ્હીમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦૪

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કોરોના વાયરસનો ફરી દેશમાં પ્રવેશ થઈ ગયો છે, જેના પર સ્વાસ્થ્ય મંત્રાલયથી લઈને રાજ્ય સરકારો નજર રાખી રહી છે. સોમવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર કોરોનાથી સક્રિય કેસની સંખ્યા ૧૦૦૯ પહોંચી ગઈ છે. જેમાંથી ૭૫૨ કેસની પુષ્ટિ તાજેતરમાં થઈ છે. છેલ્લા બે સપ્તાહમાં આ આંતકો ૨૫૭ જણાવવામાં આવ્યો હતો, પરંતુ સોમવારે આવેલા નવા આંકડામાં કેસ વધી ગયા છે. આ સાથે ૭ મોતની પુષ્ટિ પણ સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી



કરવામાં આવી છે, જેમાં મહારાષ્ટ્રમાં ૪, કેરલમાં ૨ અને કર્ણાટકમાં ૧ના મોતની જાણકારી છે.

કોવિડ-૧૯ના નવા કેસની વાત કરવામાં આવે તો આ સમયે સૌથી વધુજે રાજ્યમાં કેસ છે તે કેરળ છે. કેરળમાં સૌથી વધુ ૪૩૦ સક્રિય કેસ નોંધાયેલા છે. મહારાષ્ટ્રમાં એક્ટિવ કેસ ૨૦૯, દિલ્હીમાં ૧૦૪, ગુજરાતમાં ૮૩, તમિલનાડુમાં ૬૯, કર્ણાટકમાં ૬૯ કેસ છે. ઉત્તરપ્રદેશમાં ૧૫, રાજસ્થાનમાં ૧૩, પશ્ચિમ બંગાળમાં ૧૨, પોંડુચેરીમાં ૯, હરિયાણામાં ૯, આંધ્ર પ્રદેશમાં ૪, મધ્યપ્રદેશમાં ૨, છત્તીસગઢમાં ૧, ગોવા અને તેલંગણામાં એક-એક સક્રિય કેસ છે. ભારતમાં કુલ કેસની સંખ્યા ૧૦૦૯ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના સત્તાવાર સૂત્રો પાસેથી તાજેતરમાં મળેલી જાણકારી પ્રમાણે હાલમાં રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC), ઈમરજન્સી મેડિકલ રિલીફ (EMR) વિભાગ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને કેન્દ્રીય સરકારી હોસ્પિટલના નિષ્ણાંતોની એક સમીક્ષા બેઠક સ્વાસ્થ્ય સેવા ડિરેક્ટર જનરલ (DGHS) ની અધ્યક્ષતામાં આયોજીત થઈ હતી, જેમાં કોવિડ પર ચર્ચા થઈ હતી.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. દિલ્હીમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૧૦૪ થઈ ગઈ છે.

તાજેતરમાં દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રીએ લોકોને ચિંતા ન કરવાની અપીલ કરી હતી. સ્વાસ્થ્ય મંત્રી ડોકટર પંકજ સિંહે કહ્યુ કે આપણી હોસ્પિટલ દરેક સ્થિતિ માટે તૈયાર છે. ઓકસીજન સહિત તમામ વ્યવસ્થા તૈયાર છે.

## ન્યૂઝ બ્રિફ

### રશિયા અને યુક્રેને વધુ ૩૦૩ કેદીઓ એકબીજાને સોંપ્યા

। (એજન્સી) કિવ, તા.૨૬ ।

એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચે કેદીઓની અદલાબદલી ચાલી રહી છે. બીજી તરફ યુક્રેન પર મોસ્કોના હુમલા ચાલુ છે. રવિવારે રાત્રે રશિયાએ સતત બીજી વખત યુક્રેન પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ હુમલામાં ૧૨ લોકો માર્યા ગયા છે. આ દરમિયાન રશિયા અને યુક્રેને ૩૦૩ કેદીઓની આપ-લે કરી હતી. આ પહેલા શનિવારે બંને દેશોએ ૩૦૭ સૈનિકોની અદલાબદલી કરી હતી. જ્યારે એક દિવસ પહેલા બંને પક્ષોએ ૩૯૦ લોકોને મુક્ત કર્યા હતા. યુક્રેને જણાવ્યું હતું કે, ઘણા અઠવાડિયામાં રશિયાએ કરેલો સૌથી સૌથી મોટો હવાઈ હુમલો આખી રાત ચાલ્યો હતો. રશિયાએ વિવિધ પ્રકારની ૬૯ મિસાઈલો અને ૨૯૮ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

### જ્યોતિ મલ્હોત્રાના ડિજિટલ ડેટાની તપાસમાં ઘટસ્ફોટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવેલી જ્યોતિ મલ્હોત્રાના મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાંથી મહત્ત્વનો ખુલાસો થયો છે. ડિજિટલ ફોરેન્સિક તપાસમાં તે પાકિસ્તાનના ISI સાથે જોડાયેલી હોવાનો ખુલાસો થયો છે. તે ISI દ્વારા બનાવવામાં આવેલી યોજનામાં એસેટ હતી. હિસાર પોલીસે જ્યોતિના મોબાઈલ અને લેપટોપમાંથી 12TBનો ડિજિટલ ફોરેન્સિક ડેટા રિકવર કર્યો છે. પોલીસે હાલ ધરપકડની માગ કરી નથી. તે તમામ ડિજિટલ પુરાવાઓની ઊંડાણ પૂર્વક તપાસ કરશે. પ્રારંભિરક ડેટામાં જ્યોતિના ખાતામાં શંકાસ્પદ મની ટ્રેલની જાણ થઈ છે. જ્યોતિ ચાર PIOsના સંપર્કમાં હતી.

### સાઉદી અરેબિયાએ લગભગ ૭૩ વર્ષ પછી હવે દારૂ પરનો પ્રતિબંધ હટાવ્યો

। (એજન્સી) રિયાદ, તા.૨૬ ।

દુનિયામાં સૌથી વધુ ચા અને દારૂનું સેવન થાય છે. દારૂનો ધંધો એટલો મોટો છે કે તે ઘણા નાના દેશોના GDP જેટલો છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે દારૂમાંથી અબજો રૂપિયાની કમાણી થાય છે. જોકે, કેટલાક દેશો એવા છે જ્યાં દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. આવું કરવા બદલ કડક સજાની પણ જોગવાઈ છે. મોટાભાગના ઈસ્લામિક દેશોમાં આવા નિયમો બનાવવામાં આવ્યા છે. હવે આવા જ એક મુસ્લિમ દેશે દારૂ પરનો પ્રતિબંધ હટાવવાનો નિર્ણય લીધો છે. આવી સ્થિતિમાં, ચાલો તમને જણાવીએ કે કયા મુસ્લિમ દેશોમાં દારૂ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉદ્ઘાટનના બે દિવસમાં જ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ ધોવાયો

। (એજન્સી) અમદાવાદ,તા.૨૬ ।

ગુજરાતના અનેક વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. વાવાઝોડું સાથે વરસાદી માહોલ સર્જાયો છે, ત્યારે વડાલી અને ખેડબ્રહ્મા તાલુકામાં ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ પડ્યો હતો. જેમાં વાવાઝોડાની સ્થિતિમાં બાબસર-આંબાવાડા નજીક ધરોઈ બ્યુટિફિકેશન ખાતે ટેન્ટ ઊડીને વાહનો પર પડતા નાસભાગ મચી હતી. જ્યારે ઉદ્ઘાટનના બે દિવસમાં ધરોઈ એડવેન્ચર ફેસ્ટ ધોવાયો હોવાના દ્રશ્ય સામે આવ્યા છે. ખેડબ્રહ્મા શહેર અને તાલુકાના કેટલાક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની સાથે વરસાદ પડ્યો હતો. જેમાં ધરોઈ ખાતે એડવેન્ચર ફેસ્ટ ચાલી રહ્યો છે, ત્યારે ફેસ્ટમાં તૈયાર કરાયેલા વિવિધ ડોમનું વાવાઝોડા કારણે નુકસાન થયું હતું. ધરોઈ એડવેન્ચર ફેસ્ટમાં વાવાઝોડાની સ્થિતિની વીડિયો સામે આવ્યો છે. જેમાં જોવા મળે છે કે, અતિશય પવનના કારણે ફેસ્ટમાંના ડોમ વેરવિખેર થઈ જાય છે અને મુલાકાતીઓને ભારે પવન અને વરસાદને કારણે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

### ગુજરાતના ૧૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ સાથે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગતરાત્રે રાજ્યના ઘણા ભાગોમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. ઘણા વિસ્તારોમાં મિનિ વાવાઝોડા જેવી સ્થિતિ જોવા મળી હતી. આવામાં હવામાન વિભાગની આગાહી સામે આવી છે. જ્યાં આગામી ૨૪ કલાક માટે ઓરેન્જ એલર્ટ સાથે છૂટાછવાયા સ્થળોએ મધ્યમ મેઘગર્જના સાથે મધ્યમ વરસાદની આગાહી છે. આ સાથે 60 kmphની ઝડપ સુધી પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૬મી મેના રોજ ૧૬ જિલ્લામાં ઓરેન્જ અલર્ટ સાથે મધ્યમ વરસાદની આગાહી છે. સાબરકાંઠા, અરવલ્લી, નવસારી,મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી ડાંગ, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં આજે ઓરેન્જ અલર્ટ છે. સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગરમાં ઓરેન્જ અલર્ટ સાથે મધ્યમ વરસાદની આગાહી છે.

### સિવિલ હોસ્પિટલની ૫૮૮ કરોડના ખર્ચે થશે કાયાપલટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલની સુવિધામાં વધુ એક વધારો થશે. અમદાવાદમાં ૫૮૮ કરોડના ખર્ચે અસરવા સિવિલ હોસ્પિટલની કાયાપલટ થશે. PM નરેન્દ્ર મોદી તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન આવતી કાલે એટલે ૨૭મીએ હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરશે.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફેરફાર થવા જઈ રહ્યો છે. નાગરિકોનાં હિતને ધ્યાનમાં રાખીને હોસ્પિટલમાં સુવિધાઓ વધશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની કાયાપલટ થશે. અમદાવાદમાં ૫૮૮ કરોડના ખર્ચે અસરવા સિવિલ હોસ્પિટલની કાયાપલટ થશે. PM નરેન્દ્ર મોદી ૨૭મીએ હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરશે. PM મોદી ઈ ખાત મુહૂર્ત કરશે તે પહેલા સુરક્ષા એજન્સીઓએ હોસ્પિટલની મુલાકાત કરી હતી.

### સુરેન્દ્રનગરના લીંબડીમાં વરસાદે ભ્રષ્ટાચારની પોલ ખોલી દીધી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૬ ।

સુરેન્દ્રનગરના લીંબડીમાં વરસાદે ભ્રષ્ટાચારની પોલ ખોલી દીધી છે. લીંબડી નવા રેલવે સ્ટેશનમાં સામાન્ય વરસાદમાં પાણી ટપકતું જોવા મળ્યું હતું. રેલવે સ્ટેશનની છતમાંથી વરસાદી પાણી ટપકતું દેખાતા ભ્રષ્ટાચાર થયો હોવાની પોલ ખુલી છે. લીંબડી નવા રેલવે સ્ટેશન ૧૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરાયું છે.રેલવે તંત્ર દ્વારા કરાતા નવિનીકરણના કામોની કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની પ્રથમ વરસાદે પોલ ખોલી દીધી છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના રેલવે સ્ટેશનને અમૃતમ યોજના અંતર્ગત ૧૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે.

### દાહોદ બલિદાન અને સમર્પણની ભૂમિ છે : પીએમ મોદી

# વડોદરાની હજારો મહિલાઓની વિશાળ હાજરીનો આભાર માનતા વડાપ્રધાન મોદી













। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

રાષ્ટ્ર અને તેના સશસ્ત્ર દળોનું સન્માન કરવા માટે એકત્ર થયેલી વડોદરાની હજારો મહિલાઓની વિશાળ હાજરીનો આભાર માનતા વડાપ્રધાન મોદીએ ભારતની મહિલાઓ પ્રત્યે તેમના અતૂટ સમર્થન બદલ ઊંડો આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમણે ભાર મૂક્યો કે દાહોદ બલિદાન અને સમર્પણની ભૂમિ છે, તેમણે યાદ કર્યું કે મહર્ષિ દધીચીએ દુધિમતી નદીના કિનારે સૃષ્ટિની રક્ષા માટે પોતાનું જીવન બલિદાન આપ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ એ પણ નોંધ્યું કે આ પ્રદેશે કટોકટીના સમયમાં સ્વાતંત્ર્ય સેનાની તાત્યા ટોપેને ટેકો આપ્યો હતો અને માનગઢ ધામ ગોવિંદ ગુરુ અને સેંકડો આદિવાસી યોદ્ધાઓ દ્વારા આપવામાં આવેલા બલિદાનનું પ્રતીક છે. ભારતના સાંસ્કૃતિક મૂલ્યો અન્યાય સામે કાર્યવાહીની માંગ કરે છે તેના પર ભાર મૂકતા, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી શું રાષ્ટ્ર ચૂપ રહી શકે છે તે પ્રશ્ન ઉઠાવતા પીએમએ કહ્યું, "ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી પરંતુ ભારતના મૂલ્યો અને લાગણીઓનું પ્રતિબિંબ હતું". તેમણે ટિપ્પણી કરી કે આતંકવાદીઓને તેમના કાર્યોના પરિણામોનો કોઈ ખ્યાલ નહોતો, તેમણે એક પિતાને તેના બાળકોની સામે મારવાની ક્રૂરતાને યાદ કરી. તેમણે કહ્યું કે આવી છબીઓ હજુ પણ સમગ્ર દેશમાં ગુસ્સો ભડકાવે છે, કારણ કે ૧૪૦ કરોડ ભારતીયોને આતંકવાદ દ્વારા પડકારવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રીએ જાહેર કર્યું કે તેમણે રાષ્ટ્રના નેતા તરીકેની તેમની જવાબદારી નિભાવી, ભારતના સશસ્ત્ર દળોને સંપૂર્ણ સ્વતંત્રતા આપી, જેમણે દાયકાઓથી અદ્રશ્ય ઓપરેશન હાથ ધર્યું. તેમણે ભાર મૂક્યો કે સરહદ પારના નવ મુખ્ય આતંકવાદી કેન્દ્રોને ૨૨ મિનિટમાં ઓળખી કાઢવામાં આવ્યા અને નાશ કરવામાં આવ્યા, અને જણાવ્યું કે પાકિસ્તાનની સેનાએ બદલો લેવાનો પ્રયાસ કર્યો પરંતુ ભારતીય દળો દ્વારા નિર્ણાયક રીતે પરાજિત થઈ. તેમણે ભારતના સશસ્ત્ર દળોની બહાદુરી પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો, દાહોદની પવિત્ર ભૂમિ પરથી તેમની હિંમત અને સમર્પણને સલામ કરી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે ભાગલા પછી જન્મેલા દેશે ભારત પ્રત્યે દુશ્મનાવટ અને નુકસાન પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. "બીજી બાજુ, ભારત ગરીબી નાબૂદ કરવા, તેના અર્થતંત્રને મજબૂત બનાવવા અને વિકાસ પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે", તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે વિકસિત ભારતનું નિર્માણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેના સશસ્ત્ર દળો અને અર્થતંત્ર બંને મજબૂત હોય. તેમણે જણાવ્યું હતું કે સરકાર આ દિશામાં સતત કામ કરી રહી છે, રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક વિકાસ સાથે સાથે ચાલે છે તેની ખાતરી કરી રહી છે. દાહોદની અપાર સંભાવનાઓ પર પ્રકાશ પાડતા, આ કાર્યક્રમ તેની ક્ષમતાઓની માત્ર એક ઝલક હોવાનું જણાવીને પીએમ મોદીએ દાહોદના મહેનતુ લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો, ભાર મૂક્યો કે તેઓ નવી વિકસિત સુવિધાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને દાહોદને દેશના સૌથી વિકસિત જિલ્લામાં પરિવર્તિત કરશે. તેમણે દાહોદના લોકોને ફરી એકવાર અભિનંદન આપીને તેમના સમર્પણ અને પ્રગતિમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. કનેક્ટિવિટી વધારવા અને વિશ્વ કક્ષાની મુસાફરી માળખાગત સુવિધાઓ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રીએ દાહોદમાં ભારતીય રેલવેના લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્લાન્ટ સ્થાનિક હેતુઓ માટે અને નિકાસ માટે ૯૦૦૦ ૐના ઈલેક્ટ્રિક લોકોમોટિવનું ઉત્પાદન કરશે. તેમણે પ્લાન્ટમાંથી ઉત્પાદિત પ્રથમ ઈલેક્ટ્રિક લોકોમોટિવને પણ લીલી ઝંડી બતાવી. આ લોકોમોટિવ્સ ભારતીય રેલવેની માલવાહક ક્ષમતા વધારવામાં મદદ કરશે. આ લોકોમોટિવ્સ રિજનરેટિવ બ્રેકિંગ સિસ્ટમ્સથી સજ્જ હશે, અને ઊર્જા વપરાશ ઘટાડવા માટે ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે, જે પર્યાવરણીય ટકાઉપણુંમાં ફાળો આપે છે. દાહોદમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું.

### કચ્છમાં પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

# કચ્છ સાથે તો મારો જૂનો સંબંધ છે : ભુજની સભામાં બોલ્યા મોદી

### ભુજમાં વડાપ્રધાન મોદીનો રોડ શો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી




। (એજન્સી) કચ્છ, તા.૨૬ ।

વડાપ્રધાન મોદી ૨ દિવસના ગુજરાત પ્રવાસે છે. ત્યારે આજે ભુજમાં તેમનો રોડ શો યોજાયો. જેમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી હતી. આ સાથે જ ભુજમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રોડ શો બાદ તેમની જનસભા યોજાઈ હતી. આ સભામાં પણ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. જેમાં પીએમ મોદીએ તેમના સંબોધનમાં મોટી વાત કહી હતી. આપને જણાવી દઈએ કે પીએમ મોદીએ આજે ભુજમાં ૫૩ હજાર કરોડથી વધુના વિકાસના કામોનું લોકાર્પણ કર્યું હતું.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ લોકોને કહ્યું કે કચ્છ સાથે મારો જૂનો સંબંધ છે. ઉપરાંત તેમણે કહ્યું કે કચ્છમાં પાણી ન હતું તે મેં જોયું છે. પરંતુ અહીંયાના ખેડૂતો ઘણા પાણીદાર છે. જે ભૂમિ પર હજારો વર્ષો પહેલા ધોળાવીરા થયું હોય તે ભૂમિમાં જરૂર કોઈ તાકાત છે. કચ્છએ લોકોને જણાવ્યું છે કે આપત્તિને અવસરમાં બદલી શકાય છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે અહીંયા ભૂકંપ આવ્યો ત્યારે લોકોને લાગ્યું કે હવે અહીંયા કશું નહીં થઈ શકે.

ભૂકંપને લઈને પીએમ મોદીએ કહ્યું મને વિશ્વાસ હતો કે કચ્છ આ ફરી ઊભું થશે. અને એવું જ થયું આજે કચ્છ વેપાર અને કારોબારનું મોટું સેન્ટર છે. જે હવે કચ્છને વિકાસની ગતિ આપું છે. ત્યારે મને લાગે છે કે હજુ અહીંયા કંઈ કરી શકીશ. આ સાથે જ તેમણે કહ્યું આજે અહીંયા ૫૦ હજાર કરોડના વિકાસના કામોનું લોકાર્પણ થશે પણ એક સમય એવો હતો કે આખા ગુજરાતમાં પણ ૫૦ હજારના વિકાસના કામો નહોતા થતા. પરંતુ આજે તો માત્ર કચ્છમાં જ ૫૦ હજાર કરોડથી વધુના વિકાસના કામોનું લોકાર્પણ થશે.

ઉપરાંત પીએમ મોદીએ જણાવ્યું કે આપણું કચ્છ ગ્રીન હાઈડ્રોજનનું હબ બની રહ્યું છે. આવનારા સમયમાં કાર, બસ, સ્ટ્રીટ લાઈટ બધું ગ્રીન હાઈડ્રોજનથી ચાલશે. કંડલા દેશના ૩ ગ્રીન હાઈડ્રોજન પૈકીનું એક છે. સાથે જ તેમણે કહ્યું કે કચ્છ સોલાર ક્રાંતિમાં પણ આગળ છે. દુનિયાના સૌથી મોટા સોલર પ્રોજેક્ટો પૈકી એક કચ્છમાં છે.

આ સાથે જ પીએમ મોદીએ કહ્યું કે એક સમયે એવો હતો કે કચ્છ એટલે શું? આ તો રણ છે. પણ એ સમયે હું કહેતો હતો કે આ કચ્છ અમારા ગુજરાતનું તોરણ છે. વડાપ્રધાને કહ્યું કે અમારી સરકારનો પ્રયાસ છે કે તમને પર્યાપ્ત વીજળી મળે અને વીજળીનું બિલ શૂન્ય આવે. પીએમ સૂર્ય ઘર યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું ઘણા લોકોએ અત્યાર સુધીમાં આ યોજનાનો લાભ લીધો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે પાકિસ્તાનને પણ ઈર્ષા થાય તેવું કચ્છ બનાવ્યું છે. ઓપરેશન સિંદૂરને લઈને તેમણે કહ્યું, "અમારી નીતિ ઝીરો ટોલરન્સની નીતિ છે. જોકે જે પણ ભારતીયોનું લોહી કાઢશે તેને તેની જ ભાષામાં જવાબ અપાશે.

### અમદાવાદથી સોમનાથ ૭ કલાકમાં પહોંચાશે

# પીએમ મોદીએ વેરાવળમાં વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

દેશના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવ મંદિર આવનારા યાત્રાળુઓ માટે સરકાર દ્વારા સૌથી મોટી ભેટ આપવામાં આવી છે. જેમાં વંદે ભારત ટ્રેનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી આપી દીધી છે. અઠવાડિયામાં ૬ દિવસ વંદે ભારત ટ્રેન વેરાવળથી અમદાવાદ સાબરમતી વચ્ચે દોડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વેરાવળ (સોમનાથ)-સાબરમતી (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને આજથી લીલી ઝંડી આપી શરૂ કરવામાં આવતા સ્થાનિકો ઉપરાંત દેશભરના યાત્રિકો માટે ખૂબ જ ખુશીના સમાચાર છે. ગીર સોમનાથ જિલ્લો અનેક પ્રવાસન સ્થળો ધરાવે છે. જેમાં સોમનાથ મંદિર, એશિયાટીક સિંહોનું સાસણ, દીવ સહિત જિલ્લાની પ્રવાસન સર્કિટને વેગવંતી બનાવવા માટે તથા લોકોની સુખાકારીમાં વંદે ભારત ટ્રેન એક મહત્વનો ભાગ ભજવશે તથા દર્શનાર્થીઓ, પ્રવાસીઓ અને સ્થાનિકોને આરામદાયક મુસાફરીનો પણ લાભ લઈ શકશે.

વંદે ભારત ટ્રેન શરૂ થતા હવે રાજ્યભરમાંથી અને દેશ-વિદેશના યાત્રિકો સવારે સોમનાથ દર્શન કરી અને પરત સાંજે અમદાવાદ પહોંચી શકશે. સાથે સામાન્ય ચેરના રૂ. ૧૨૭૫ તેમજ એક્ઝિક્યુટિવ ચેરના ૨૩૦૦ રૂપિયા ભાડું રખાયું છે. જ્યારે ટ્રેનની સુવિધાની વાત કરીએ તો આરામદાયક મુસાફરી, અંદર ઠંડુ પીણાં, નાસ્તો વગેરે પણ યાત્રિકોને વંદે ભારત ટ્રેનમાં મળી શકશે. હવેથી સાબરમતીથી સોમનાથ માત્ર સાત કલાકમાં લોકો પહોંચી શકશે. ભૂતકાળમાં ૧૦ થી ૧૨ કલાક સમય લેનાર ટ્રેન હવે સાત કલાકમાં જ સાબરમતીથી સોમનાથ પહોંચશે.

# અમદાવાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો દરમિયાન 'ઓપરેશન સિંદૂર'ના સાહસ, શૌર્ય અને પરાક્રમને વધાવાયું

### ગુજરાતના બે દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાનને અમદાવાદીઓએ આવકાર્યા, વડાપ્રધાનએ રોડ શોમાં સૌનું અભિવાદન ઝીલ્યું



। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ ખાતે ઓપરેશન સિંદૂરના સાહસ, શૌર્ય અને પરાક્રમને વધાવતા રોડ શોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અમદાવાદીઓએ ઉમળકાભેર આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રીએ રોડ શોમાં સૌનું અભિવાદન ઝીલ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ તથા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ પણ આ રોડ શોમાં જોડાયા હતા. અમદાવાદમાં એરપોર્ટ આઈકોનિક રોડ પર યોજાયેલા ભવ્ય રોડ શોમાં 'મા ભારતી'ના જયઘોષ સાથે અમદાવાદીઓએ 'ઓપરેશન સિંદૂર'ની સફળતા બદલ ભારતીય સૈન્ય અને ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાતના બે દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા અમદાવાદ ખાતે યોજાયેલા રોડ શોમાં ભારતીય સેનાની શૌર્યપૂર્ણ કામગીરી અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા વિવિધ ટેબ્લો, રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતા હોર્ડિંગ્સ, દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ વાતાવરણને ઊર્જાસભર બનાવ્યું હતું.

# વલસાડમાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ

। વલસાડ, તા.૨૬ ।

ગુજરાતમાં નકલી પોલીસ, જજ, કોર્ટ સહિતની ભરમાર વચ્ચે વલસાડમાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ છે. યુવતીએ નકલી આઈ-કાર્ડ રાખીને નોકરી આપવાના બહાને ચાર યુવકો સાથે છેતરપિંડી કરી હતી અને તેમની પાસેથી કુલ ૯.૫૯ લાખ રૂપિયા પડાવી પાડ્યા હતા. સમગ્ર મામલે પોલીસે ૨૩ વર્ષીય નકલી ડેપ્યુટી મામલતદારની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ જિલ્લામાં નકલી ડેપ્યુટી મામલતદાર યુવતી ઝડપાઈ છે. આરોપી નિમિષા નાયકા પોતાને ડેપ્યુટી મામલતદાર જણાવીને નોકરી અપાવવાની લાલચે ચાર યુવકો સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. નિમિષા મૂળ અમબાચ ગામની છે અને હાલમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગતાડી ગામમાં રહે છે. નિમિષા વોટ્સએપના માધ્યમથી લોકોનો સંપર્ક કરીને નોકરીની લાલચ આપતી હતી. મળતી માહિતી મુજબ, નકલી ડેપ્યુટી મામલતદાર યુવતીએ ઉદવાડાના માનવ પટેલને કલેક્ટર ઓફિસમાં છ તરીકેની નોકરીની લાલચ આપી ૪.૭૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. કપરાડાના વાજવડના ગુંજેશ પટેલ પાસેથી ડ્રાઈવરની નોકરીના બહાને રૂ.૩૯ હજાર લઈ લીધા હતા. જ્યારે યુવતીએ બીલીમોરાના રાહુલ પંચોલી પાસેથી રૂ. ૪.૧૩ લાખ અને પારડીના સામરપાડાના મિલન પટેલ પાસેથી ૩૧૮૦૦ રૂપિયા પડાવ્યા હતા. સમગ્ર ઘટના મામલે યુવકોને નોકરી ન મળતા પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાય આવ્યું હતું. આ પછી યુવકોએ આ મામલે પારડી પોલીસનો સંપર્ક કર્યો હતો.

### રતલામથી ડ્રગ્સ સપ્લાય કરવા આવ્યા હતા

# બાવન લાખના એમડી ડ્રગ્સ સાથે બે આરોપી ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ક્રાઈમબ્રાન્ચે ફરી એક વખત ડ્રગ્સના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. એક્સપ્રેસ હાઈવે પાસેથી એક મહિલા અને એક પુરુષને રૂપિયા ૫૨ લાખના એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. આરોપીઓ મધ્યપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો લઈને આવ્યા હતાં. અને અહીં વટવાના એક યુવકને જથ્થો આપવાનો હતો. જોકે ક્રાઈમબ્રાન્ચે બાતમીના આધારે બંનેને ઝડપી પાડ્યાં છે. આ આરોપીઓના નામ અજય પ્રજાપતિ અને આનંદી ડામર હોવાનું સામે આવ્યું છે. જેમાં બંને જણા મધ્યપ્રદેશના રતલામના રહેવાસી છે.

આ આરોપીઓ મધ્યપ્રદેશના મંદસૌરથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદ એક્સપ્રેસ હાઈવેના પ્રવેશદ્વાર પાસે એએમટીએસના બસ સ્ટેન્ડ પાસે ઉભા હોવાની બાતમી અમદાવાદ ક્રાઈમબ્રાન્ચને મળી હતી. જેના આધારે ક્રાઈમબ્રાન્ચે રેડ કરીને બંનેને ઝડપી લીધા છે. આ ડ્રગ્સનો જથ્થો વટવાના શાહરુખ નામના યુવકને આપવાનો હોવાનું સામે આવ્યું છે. જ્યારે આ ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંદસૌર ખાતે રહેતા કાળુ નામના વ્યક્તિએ આરોપીઓને આપ્યો હતો. કાળુ નામનો આરોપી અલગ અલગ વ્યક્તિઓ મારફતે મંદસૌરથી વડોદરા સુધી ટ્રેનમાં અને વડોદરાથી અમદાવાદ પ્રાઈવેટ વાહનમાં મોકલી આપીને એક્સપ્રેસ હાઈવે નજીક ડ્રગ્સની ડિલિવરી કરતો હતો.

આ બંને આરોપીઓ પાસેથી પોલીસે રૂપિયા ૫૨ લાખ ૫૦ હજારની કિંમતનો ૫૨૫ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. કાળુએ આરોપીને એક્સપ્રેસ હાઈવે પહોંચીને શાહરુખને ફોન કરીને ડિલિવરી આપવા માટે કહ્યું હતું. જેના બદલામાં તેઓને એક ટ્રીપ દીઠ રૂપિયા ૫ હજાર મળતા હતાં. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપીઓ આ અગાઉ પણ એક વખત ડ્રગ્સ સપ્લાય કરી ચૂક્યા છે. જે જથ્થો કોને અને ક્યારે આપ્યો હતો તે અંગે ક્રાઈમબ્રાન્ચ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ડ્રગ્સની હેરાફેરીને લઈને પોલીસને શંકા ન જાય તે માટે મહિલાને સાથે રાખતા હતાં. પકડાયેલ બંને આરોપીઓ મધ્યપ્રદેશના રતલામમાં ફૂટની લારી ચલાવે છે. જેથી બંને સંપર્કમાં હતાં. જોકે આર્થિક જરૂરિયાત હોવાથી કાળુએ બંનેને રૂપિયા આપવાની લાલચ આપીને ડ્રગ્સની હેરાફેરી કરાવી છે.